Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 20 - Issue : 05

February, 2016



(અનુષ્ટુપ)

કોઈ ના માનવી એવું, જેને ના કશું દુઃખ છે,
અનેક જાતનાં દુઃખો, દુઃખ કેવું અનંત છે !

દુઃખ એ તો પ્રસાદી છે, પ્રભુના ઘરની મળી,
સ્વીકારી વ્હાલથી જે લે, ધન્ય તે તો થશે નકી.

કરેલાં કર્મની છાયા, દુઃખને જાણવું ઘટે,
બીજાને દોષ દેવાનો છોડી દેવો ઘટે ખરે.

અંતરના વિષાદોથી ઘવાયો નથી જે ઉરે,
ચેતનાશક્તિ એવાને કો કાળે ના મળી શકે.

- શ્રીમોટા

'જીવન પગલે', બી. આ.



કરની બીન કથનીકી કીમત કૌડી જાન બજારોં હૈ (૨),
બીન કથની કરની કર બંદે ! ઊધરે સંત હજારોં હૈ. ધ્રુવ.

બાંચત નિશદિન પંડિત પોથી, દિલ ધોતીમેં બિગરો હૈ (૨),
માન લોભ છૂટાના મનસે, કરત બોધ પરભારો હૈ ! - કરની. (૧)

બ્રહ્મજ્ઞાન મૂંગોકી બાતાં, સુને સાધુ કો બિરલો હૈ (૨),
પતિવ્રતા નિજ કંથ મિલનકી, સુનત બાત શિશુ ભોલો હૈ ! - કરની. (૨)

બૃત્તિ બીન રૂખો કથવારો, દેહાધ્યાસ ભરારો હૈ (૨),
મ્યાંઉ મીંદડી ગાવત મીઠો, ધ્યાવત મૂસા ચારો હૈ ! - કરની. (૩)

કર સત્સંગ સાધન સુમિરન, સાધન બીન અંધારો હૈ (૨),
રાગદ્વેષ ન છૂટે તબહૂ, જ્ઞાન પેટ ગુજારો હૈ ! - કરની. (૪)

ખ્યાલ ન કર ઔરનકા સાધો, આતમરંગ અકેલો હૈ (૨),
ચીન્હે સો કહને ન પાવે, દેખત જિયરો ઠારો હૈ !! - કરની. (૫)

- શ્રીરંગ અવધૂત

'અવધૂતી મસ્તી ભાગ-૩', પ્ર. આ., પૃ. ૧૯૯

પ્રકાશન સ્થળ :
બી/પ, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૯૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર **હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, (૦૭૯)૨૭૫૪૩૬૯૯**
* Subject to Ahmedabad Jurisdiction

**વર્ષ : ૨૦ અંક : ૫ ફેબ્રુઆરી, ૨૦૧૬**

## અનુક્રમ

૧. ગતાત્મા શ્રી યશવંતભાયઈને સ્મરણાંજલિ ......... સંપાદક ૪
૨. ભગવાનનાં દર્શનની અસર અંગે ............... શ્રીમોટા ૬
૩. સહજ સાધના ............... શ્રીરણછોડદાસજી મહારાજ ૭
૪. મા ભગવતીનાં ચાર સ્વરૂપ (૨) ............ શ્રીઅરવિંદ ૮
૫. ઉચ્ચાત્માઓ જીવને આકર્ષે છે ................. શ્રીમોટા ૧૧
૬. વાસનિક ત્યાગી અને નિર્વાસનિક ગૃહી ..... શ્રીજીમહારાજ ૧૨
૭. દેહની શોભા દેવને લીધે છે ........... ડોંગરેજી મહારાજ ૧૪
૮. પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૭) ..... નરહરિ દવે ૧૫
૯. એકાગ્રતાવાળો જીવ મહાસુખિયો ............... શ્રીમોટા ૧૬
૧૦.અનોખા સ્વજન : પૂજ્ય શ્રીમોટા ........ નિરંજના કલાર્થી ૧૭
૧૧.જગત મૃત્યુનો મુલક છે ....................... શ્રીમોટા ૨૩
૧૨.મૃત્યુના ડર અંગે ............................ શ્રીમોટા ૨૩
૧૩.આપણામાં ધર્મ નથી, સ્વાર્થ મોખરે છે .......... શ્રીમોટા ૨૪
૧૪.બે રચનાઓ ...................... સંતકવિ શ્રી સાગર ૨૬

## સૌજન્ય

પૂજ્ય શ્રીમોટાના સ્વજન સદ્‌ગત **શ્રી યશવંતભાઈ અંબાલાલ પટેલ** ઉર્ફે યશુભાઈ-બાપુના સ્મરણાર્થે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં શ્રી મિહિરભાઈ યશવંતભાઈ પટેલ અને પરિવાર તરફથી સહયોગ અપાયો છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ. **- સંપાદક**

# (૧) ગતાત્મા શ્રી યશવંતભાઈને સ્મરણાંજલિ

સંપાદક

પૂજ્ય શ્રીમોટાના સ્વજન મણિનગર-અમદાવાદ નિવાસી શ્રી યશવંતભાઈ અંબાલાલ પટેલનું જઈફ વયે દેહાંત થતાં, પૂજ્ય શ્રીમોટાના સ્વજનોએ તન, મન, ધનથી નિષ્કામભાવે-સહાય માટે સદા તત્પર એવા એક સહયોગીની ઊણપ અનુભવી છે. પૂજ્ય શ્રીમોટાનું કાર્ય અનેક સ્વરૂપે-વિવિધ રીતે સ્વજનો દ્વારા ચાલી રહ્યું છે, તેના પ્રેરક પ્રોત્સાહક અને મુખ્યત્વે મૂક ભાવે આર્થિક રીતે પ્રબળ ટેકેદાર સદ્‌ગતશ્રી હતા.

એક સ્વજન તો સદાય કહેતા અને મક્કમ રીતે તે માનતા કે યશુભાઈ (બાપુ) જેવો એક તો સ્વજન બતાવો કે જે અનેક પ્રકારની અવગણના સહન કરીને સદાય સર્વના ચાહક અને સહાયક અવિરત પ્રકારે જીવી રહ્યા હોય ! રાગદ્વેષ મોળા પાડવા પોતે મથતા અને તે માટે સાથીઓને પણ સતત પ્રેરતા રહેતા.

જ્યારે કોઈ એમને કાનમાં કહેતું કે તમને યશ તો મળતો નથી ત્યારે તેમના હૃદય-ભાવના પડઘા સ્વરૂપે તેઓ કહેતા કે આપણે યશ તો શ્રીમોટાને જ આપવાનો હોય.

પૂજ્ય શ્રીમોટાના ચીંધેલ કાર્યો જેવાં કે નામસ્મરણ, અક્ષરદેહનું પ્રકાશન, ગુણભાવ જ્યાં વ્યક્ત થતા હોય તેઓનું બહુમાન, પૂજ્ય શ્રીમોટા પ્રેરિત મહાજન શક્તિદળ દ્વારા બહેનોના જીવનવિકાસ માટે સતત ચિંતન અને દિલભાવથી ટેકો અને હરિઃૐ સત્સંગ મંડળના તો સદાયના સાથી અને સહયોગી તેમજ એ સંસ્થાને રજિસ્ટર્ડ મોભો મળે એવી ખેવના રાખી પોતાના દેહવિલય પહેલાં એનું બંધારણ તૈયાર કરાવી અંતે રજિસ્ટ્રેશન મેળવ્યા સુધીની કામગીરી વગેરે તેમની યશકલગીઓ છે.

પૂજ્ય શ્રીમોટાની વર્ષો જૂની જે ટેપવાણી હતી તેનું પ્રકાશન થાય તે માટે તેઓએ પડદા પાછળ રહી શ્રી રજનીભાઈ બરમાવાલા અને શ્રી ઈન્દ્રવદન શેરદલાલ (શ્રી ઈન્દુકાકા)નો સાથ સહયોગ મેળવ્યો હતો. હવે તો હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા એનું પુનઃ પ્રકાશન થયું છે. પૂજ્ય શ્રીમોટાના શબ્દનું મહત્ત્વ અને મૂલ્ય તો સ્વજનવર્ગ કે સમાજ જ્યારે સમજશે ત્યારની વાત ત્યારે પણ એ બ્રહ્મશબ્દને અક્ષરદેહ સ્વરૂપે જળવાયો, તેનું શ્રેય પણ યશુભાઈને મહદ્‌અંશે જાય છે.

પૂજ્ય શ્રીમોટા નરોડાને ગોકુળિયું કહેતા. યશુભાઈ નરોડા સાથે ભાવાત્મક રીતે જોડાઈ ગયા હતા અને જૂના સ્વજનો અમૃતકાકા, અમૃતભાઈ, ઉમેદકાકા, ઈશ્વરભાઈ વગેરે સર્વે સાથે ઘરોબો ધરાવતા હતા. એથી આગળ વધીને હવે નરોડાના સ્વજનોની જે યુવાપેઢી તૈયાર થઈ છે તેની સાથે પણ સમરસ થઈ તેમનાં કાર્યોમાં સંલગ્ન રહેતા-એ એમનું આગવું લક્ષણ રહેલ છે. શ્રી યશુભાઈએ નરોડાનાં શ્રી જાગૃતિબહેને તો મહાજન શક્તિદળ સાથે તેમને સાંકળ્યા છે.

પૂજ્ય શ્રીમોટાના આશ્રમોના વહીવટકર્તાઓ સાથે પણ તેઓ હકારાત્મક વલણથી સતત સંપર્કમાં રહેતા.

હરિવાણી ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી ગિરીશ પંડ્યા અને હરિભાવના સંપાદકશ્રી પ્રભુદાસ જાની સાથે તો લગભગ રોજબરોજનો જીવંત સંપર્ક તેઓ રાખતા હતા. પોતે સતત મુસાફરી કરતા હોઈ યોગ્ય વ્યક્તિને 'હરિભાવ' વાંચવા આપતા અને એ કાર્યના પ્રસાર માટે સક્રિય સહયોગ આપતા રહેલા. ઉપરાંત 'હરિભાવ'માં આવતા લેખો અંગે પોતાનાં મંતવ્યો અને અભિપ્રાય પણ ખુલ્લા મનથી આપતા હતા. ટ્રસ્ટના આર્થિક પાસા અંગે પણ વિધેયાત્મક દૃષ્ટિકોણ ધરાવતા હતા.

સદ્‌ગતશ્રીની શ્રદ્ધાંજલિ સભામાં જે ભાઈ-બહેનોએ પોતાના મનની લાગણીને વાચા આપી હતી તે તેઓએ અનુભવેલ અને હૃદયસ્તરેથી વ્યક્ત થયેલ ઉદ્‌ગાર હતા. આવી બહુમુખી પ્રતિભાની જાણકારી અને ઊણપનો ખ્યાલ તો જેમ જેમ સમય જશે તેમ તેમ જણાશે. તેમના વિશે ઘણું બધું વ્યક્ત થઈ શકે તેમ છે. હાલ તો 'ઇતિ અલમ્.' ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | સદ્‌ગત શ્રી યશવંતભાઈ અંબાલાલ પટેલના સ્મરણાર્થે જ્ઞાનદાન હસ્તે શ્રી મિહિરભાઈ યશવંતભાઈ પટેલ અને પરિવાર | મણિનગર | ૧૧,૧૧૧/- |
| ૨. | સદ્‌ગત માતુશ્રી વાસંતીબહેનના સ્મરણાર્થે હસ્તે નરેન્દ્રભાઈ નગીનદાસ ખત્રી | અમદાવાદ | ૨,૫૦૧/- |
| ૩. | કૈલાસબહેન ટી. પંડ્યા (જન્મદિન નિમિત્તે) | ભાદરણ | ૨,૫૦૦/- |
| ૪. | સદ્‌ગત પિતાશ્રી ગિરીશભાઈ દવેની પુણ્યસ્મૃતિ નિમિત્તે હસ્તે માલવભાઈ દવે | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૫. | શ્રી ગૌરાંગ મરચન્ટ | અમેરિકા | ૧,૪૦૦/- |
| ૬. | શ્રી અરૂણભાઈ કે. શાહ | આણંદ | ૧,૦૦૧/- |
| ૭. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૮. | શ્રી પલકના લગ્ન (૪-૨-'૧૬) નિમિત્તે હસ્તે જીતેન્દ્રભાઈ એચ. સરવૈયા | ઈસનપુર | ૫૦૧/- |
| ૯. | કાંતાબહેન બી. પંચાલ (જન્મદિન નિમિત્તે) | નરોડા | ૧૫૧/- |

શ્રી ચીમનલાલ બેચરદાસ પટેલ, રાણીપ-અમદાવાદ તરફથી ગંભીર બિમારી બાદ પુનઃજીવન નિમિત્તે મળેલ ભેટની વિગત ગતાંકમાં રૂ. ૧૧,૦૦૦/- દર્શાવેલ છે. પરંતુ તે રકમ રૂ. ૧૧,૧૧૧/- હતી તેનો ક્ષતિ-સ્વીકાર કરીએ છીએ.

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.................................. -સંપાદક**

## (૨) ભગવાનનાં દર્શનની અસર અંગે

શ્રીમોટા

આપણા દેશમાં સુરતના ચૂનીલાલ હતા. એમણે સરકાર સાથે બારડોલીનું સમાધાન કરાવ્યું. એમની સાથે (મારે) એક-બે વાર સમાગમ થયેલો.

અંગ્રેજ સરકારના વખતમાં તેઓ ફાઇનાન્સ મિનિસ્ટર હતા. તેઓ પંઢરપુર ગયેલા. એમને છેક મૂર્તિ પાસે લઈ જઈને દર્શન કરવા માટે ઊભા રાખ્યા. એ અડધો કલાક ત્યાં ઊભા રહ્યા. વિઠ્ઠલનાથજીની મૂર્તિની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં, એ એમણે પ્રત્યક્ષ જોયું. એટલે પોતાને પણ રડવું આવ્યું.

આ ચૂનીભાઈ, સર પુરુષોત્તમદાસના સગા ભાઈ થાય. પોતે રડે છે એનું પણ ભાન ન રહ્યું. પછી ભગવાનની મૂર્તિની આંખમાંથી આંસુ બંધ થઈ ગયાં, એટલે એમની આંખમાંથી પણ આંસુ બંધ થઈ ગયાં. પછી પૂજારી કહે, 'હવે બહુ વખત થયો માટે બહાર નીકળો.'

આ અનુભવ એમણે મને કહ્યો. મેં એમને કહ્યું કે આ અનુભવ થયો એ સાચું. તમને પણ અશ્રુ આવ્યાં એ ખરું, પણ એનાથી તમારા જીવનમાં કંઈ ફેરફાર થયો ? કે આચરવાની પદ્ધતિ બદલાઈ? કે તમારું ધ્યેય વધારે વિચારવાળું થયું ? તમારું થિંકિંગ-(વિચારણા) માત્ર ભગવાન વિશે જ થયું ? કોઈ જાતનો ફેરફાર તમારામાં થયો ? એ મારે જાણવું છે, કારણ કે સામાન્યપણે ભગવાનનું દર્શન થાય ત્યાર પછી તો સમગ્ર બંધારણમાં કોઈ પ્રકારનો ફેરફાર આવી જાય. ભગવાનનું દર્શન થયાની સ્થિતિએ પહોંચ્યા પછી નેગેટિવ-(નકારાત્મક) સ્થિતિમાં તમે હો તોપણ તમારા માનસમાં ભગવાન પરત્વેનો ભાવ સતત રહે. એટલી જ થિક્‌નેસથી - (ગાઢતાથી), વેરાઇટીથી - (વિવિધતાથી) અને ગુણવત્તાથી એ કાયમ રહે છે.' તો તમને આમ રહે છે ?'

તેઓ કહે 'ના, મન તો ભટક્યા કરે છે.'

મેં એમને કહ્યું કે, 'ભાગવત-ઉપનિષદ વગેરેમાં છે કે ભગવાનનાં દર્શન કર્યા પછીથી મન એકમાં જ રહે. જે તમારા અનુભવ સાથે મળતું આવતું નથી.'

તેઓ કહે, 'આ ઇલ્યૂઝન્‌-(ભ્રમણા) હોય એમ હું માની શકતો નથી, કારણ કે મારી આંખે મેં જોયું છે. પ્રત્યક્ષ જોયેલાનો હું ઇન્કાર કરી શકતો નથી.'

મેં સ્પષ્ટતા કરી કે, 'મારો ઇરાદો તમને ચળાવવાનો નથી, પણ મારે તો જાણવું છે કે તમને એથી શું વિશેષતા થઈ ? સામાન્ય મનુષ્ય જેવી સ્થિતિ હતી ત્યારે અને તમને જે આ દર્શન થયાં પછી તમારી સ્થિતિ કેવી થઈ, એ જાણવાની મારી ઇચ્છા છે.' પછી એમણે વાત પડતી મૂકી.

માણસોને આવું થાય. એનો છેક જ અર્થ નથી એમ મારે નથી કહેવું. એની છાપ છે. જે આપણા ત્રણ બીઇંગ-સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરમાં આ દર્શનની છાપ-ભગવાનની મૂર્તિમાંથી આંસુ પડતાં જોયાં અને એમની આંખમાંથી પણ આંસુ પડ્યાં એની છાપ, એ ત્રણે શરીરમાં પ્રવેશે. એમાં ફેર નહિ.

પ્રવેશ થયો છે તો તેનો ઉઠાવ કેમ નથી થતો ? કારણ કે તમારા વિચારો-સંસ્કારો એટલા બધા સજ્જડ થયેલા છે તે જેમ જેમ ઓછા થતા જશે, તેમ તેમ આ સંસ્કારો ફૂટતા જશે. આ એક જિંદગી જશે પછી નવી જિંદગીમાં એ સંસ્કારો ફૂટતા જશે.

...ભગવાન માટેનું થિંકિંગ-એનું મનન-ચિંત્વન કોઈ ઉપયોગી નથી એ માન્યતા તદ્દન ખોટી છે. એથી ઊલટું એ આપણા જીવનમાં બહુ ઉપયોગમાં આવે છે. એ મેં જાતે અનુભવ્યું છે. એમ ને એમ હું નથી કહેતો.

'ગ્રહ-ગ્રહણ', પ્ર.આ. પૃ. ૧ ❑

**એક બહેન :** બાપુ ! હું લખવા વાંચવાનું જાણતી નથી. એના કારણે શ્રીરામાનમસજી કે ગીતાનો પાઠ-સ્વાધ્યાય કરી શકતી નથી. એનું મને ભારે દુઃખ છે.

**શ્રીગુરુદેવ :** મા, પહેલાં એ બતાવો કે સત્સંગ, કથાશ્રવણ કે ભજનકીર્તનમાં તમે જાવ છો કે નહિ ?

**બહેન :** હા, બાપુ ! ભજનકીર્તન તો મને ખૂબ પ્રિય છે. રામાયણની પાઠશાળામાં રોજ જઉં છું. ભજન, સ્તુતિ, આરતી જે યાદ છે તેનો પાઠ કરી લઉં છું. આપે જે દીક્ષામંત્ર આપ્યો છે તેની એકત્રીસ માળા રોજ કરું છું, પણ રામાયણ, ગીતાજી કે અન્ય કોઈ ધર્મગ્રંથ વાંચી શકતી નથી.

**શ્રીગુરુદેવ :** (ખૂબ હસીને) જુઓ મા ! તમે જે રામમંત્ર પ્રાપ્ત કર્યો છે તેનો જાપ આપ કરો છો. ભગવાનના નામનો પ્રેમપૂર્વક જપ કરવો એટલે ભગવાન માટે જીવનું પ્રવૃત્ત થવું. મનુષ્યનો મુખ્ય ધર્મ છે કે ભગવાનનું સ્મરણ, ચિંતન, અને મનન કરે. એ તો તમે કરો છો. આને તમે એકડએક સમજો.

હવે મા, કહો કે ઘરમાં સાસુસસરાની સેવા તો કરો છો ને ?

**બહેન :** મારી સાસુ બીમાર હતાં ત્યારે મેં એમની સેવાચાકરી સારી રીતે કરી હતી. ત્રણ વર્ષ ઉપર તેમનો દેહાંત થયો છે. મારા સસરા તો પિતાતુલ્ય પ્રેમાળ છે. શાંતિથી માળા જપ્યા કરે છે.

**શ્રીગુરુદેવ :** મા, સાંભળો, સાસુસસરા માટે જો આટલો પ્રેમ, સદ્‌ભાવ અને આદર તેમજ સેવાભાવ છે, તો તે જ પ્રત્યક્ષ ધર્મ છે. જીવન-વ્યવહારમાં સ્વધર્મ ને કર્તવ્ય પ્રેમપૂર્વક કરીએ તો તે જ ઉત્તમ ધર્મ છે. હવે હું જે વાત તમને સમજાવવા માગું છું તે ખૂબ ધ્યાનથી સાંભળો અને સમજો. ભગવદ્ સ્મરણ અને જપને હું એકડાનો અંક ગણું છું. પછી પ્રેમ, સેવા, સદ્‌ભાવ, સદાચાર તેમજ કર્તવ્યપાલનના શુદ્ધ આચરણ દ્વારા એ એકડા ઉપર તમે એટલાં જ મીંડાં ચડાવી દીધાં છે !

મા ! બરાબર સાંભળો. એકડા ઉપર એક મીંડું ચડાવવાથી દસનો અંક થઈ જાય છે. બે મીંડાંથી સો અને ત્રણ મીંડાંથી એક હજાર થાય. તમે કેટલાં બધાં મીડાં ચડાવી દીધાં છે ! એટલે તમે બહુ જ સંપત્તિવાન છો. શ્રીગીતા કે રામાયણમાં જે લખેલું છે એ તો તમારા જીવનમાં ઓતપ્રોત છે. માટે ચિંતા છોડો. ત્રણે કાળમાં તમારો કોઈ જ અનર્થ થઈ શકશે નહિ.

તમારી જીવનસાધનામાં કોઈ જ ત્રુટિ કે કમી નથી. વિશ્વાસ રાખો અને હંમેશાં પ્રસન્નચિત્ત રહો. તમારા મોક્ષની પૂરી જવાબદારી હું લઉં છું, મા ! બસને ? હવે તો દુઃખ નીકળી ગયું ને ? પ્રસન્ન રહેશોને ?

માનું મુખડું અત્યંત પ્રસન્ન થઈ ગયું. શ્રીચરણોમાં વારંવાર મસ્તક નમાવી પ્રેમાશ્રુ સાથે કહેતાં રહ્યાં કે બાપુ ! આજે આપે મારા મનનું બહુ મોટું દુઃખ દૂર કરી દીધું છે. બીજાંઓને ગીતા-રામાયણ વગેરેના પાઠ કરતાં જોઈને મારા મનમાં હંમેશાં નિરાશા અને ગ્લાનિ રહ્યાં કરતાં હતાં.

**શ્રી ગુરુદેવ :** જુઓ મા ! તમારા મનની બધી ગ્લાનિ, નિરાશા, ચિંતા, બધું આજે અત્યારે મને ભેટમાં દઈ દો. પછી સભાને સંબોધતાં શ્રીગુરુદેવ બોલ્યા કે, 'શુભ સંસ્કાર ન હોય તો સદ્‌ભાવ, સદાચાર, સહિષ્ણુતા અને સેવાભાવ વગેરે પાળી જ ન શકાય. આ અમારી સંસ્કૃતિનું મૂર્તિમંત સ્વરૂપ છે!'

'શ્રીગુરુદેવ કી સંનિધિ મેં', ભા-૨, પૃ. ૩૭૪ ❑

# (૪) મા ભગવતીનાં ચાર સ્વરૂપો : (૨)

**શ્રીઅરવિંદ**

*(શ્રીઅરવિંદ લિખિત **'મા'**ના આધારે સ્વામી શ્રીસદાશિવ આશ્રમ, મોટેરા, અમદાવાદના અનુયાયી શ્રી પ્રિયવદન જોશી દ્વારા જે સંકલન મોકલવામાં આવેલું તેનો પ્રથમ હપ્તો જાન્યુઆરી-૨૦૧૬ના અંકમાં પ્રકાશિત કરાયેલ છે, તેના અનુસંધારને આ શેષ ભાગ છે. આવું લખાણ મોકલવા બદલ શ્રી પ્રિયવદનભાઈના અમો આભારી છીએ.-સંપાદક)*

મા મહાલક્ષ્મીની-મોહિની દેવીની માગણીને પૂરી કરવી યા તો એનું સામિપ્ય સાચવી રાખવું એ કંઈ સહેલું કામ નથી. મન અને આત્મામાં સંવાદ અને સૌંદર્ય, પ્રત્યેક બાહ્ય કર્મ અને ગતિમાં સંવાદ અને સૌંદર્ય, જીવન અને તેની આજુબાજુની પરિસ્થિતિમાં સંવાદ અને સૌંદર્યઃ એ વસ્તુઓની માગણી મહાલક્ષ્મી કરે છે; જ્યાં જ્યાં સૃષ્ટિના ગૂઢ આનંદના લય અને સુમેળ હોય છે, અખિલ સૌંદર્યનિધિના સાદને જ્યાં પ્રત્યુત્તર મળતો હોય છે, જ્યાં સમાધાન અને સંપ અને પ્રસન્નતાથી ભરપૂર એવો પ્રભુ તરફ અભિમુખ થયેલાં અનેક હૃદયોનો પ્રવાહ પ્રભુ પ્રત્યે વહેતો હોય છે ત્યાં એવા વાતાવરણમાં વાસ કરવાને આ દેવી (મહાલક્ષ્મી) સંમત બને છે. પરંતુ જે કંઈ કુરૂપ છે, કૃપણ છે, નીચ છે, જે કાંઈ દરિદ્રી, ક્ષુદ્ર અને પંકિલ છે, જે કાંઈ ક્રૂર છે અને કર્કશ છે, તે સઘળું એના આગમનને પાછું વાળે છે. જ્યાં પ્રેમ અને સૌંદર્ય હોતાં નથી, યા તો તેમના ઉદ્‌ગમ માટે નારાજી હોય છે ત્યાં મહાલક્ષ્મીનું આગમન થતું નથી. જ્યાં પ્રેમ અને સૌંદર્યના ઉદાત્ત તત્ત્વો હલકાં તત્ત્વો સાથે મિશ્ર અને વિકૃત થઈ ગયાં હોય છે ત્યાં તે દેવી એકદમ પાછી ફરી જાય છે, યા તો પોતાની સમૃદ્ધિનો સ્રોત વરસાવવાની દરકાર કરતી નથી. મનુષ્યોનાં અંતરમાં, તેની આજુબાજુ સ્વાર્થ અને તિરસ્કાર, દુષ્ટેચ્છા, દ્વેષ, ઈર્ષ્યા અને કલહને બેઠેલાં જોશે યા તો હૃદયના પવિત્ર પ્રેમપાત્રમાં વિશ્વાસઘાત લોભ અને કૃતઘ્નતાને ભળી ગયેલાં જોશે કે વાસનાની ગ્રામ્યતા અને અશુદ્ધ ઇચ્છાઓ જો ભક્તિને ભ્રષ્ટ કરતી હશે તો એવાં હૃદયોમાં આ પ્રસન્ન કૃપાળુ અને સુંદર દેવી એક ક્ષણ પણ ઊભી નહિ રહે. આ વસ્તુઓ પ્રત્યે એને એક પ્રકારની દૈવી જુગુપ્સા થઈ આવે છે અને તે પાછી ફરી જાય છે કારણકે આગ્રહ કરવો, મથામણ કરવી એ એના સ્વભાવમાં નથી. એ બધાં ઝેરી અને આસુરી રાક્ષસી તત્ત્વોનો માનવ પોતાની પ્રકૃતિમાંથી ત્યાગ કરે ત્યાં સુધી તે પોતાનું મુખ અવગુંઠિત કરીને વાટ જુએ છે અને એ બધાં દૂર થઈ ગયા પછી જ તે પોતાનો આહ્‌લાદક પ્રભાવ ફરીથી વિસ્તારે છે ત્યાગીની રિક્તતા અને કઠોરતા તેને ગમતાં નથી, તેમ હૃદયની ઊંડી ઊર્મિઓનું દમન તથા પ્રાણ અને અંતરાત્માના સૌંદર્ય પરાયણ અંશોનો જડ નિગ્રહ પણ એને પસંદ નથી કારણ કે, સૌંદર્ય અને પ્રેમ દ્વારા જ મનુષ્યો પર પ્રભુની ધુરા મુકે છે. એના પરમ સર્જન વ્યાપારમાં જીવને સમગ્ર એક દિવ્ય કલાની સુસમૃદ્ધ મહામૂલી કલા બની રહે છે અને સઘળું જીવન પુનિત આનંદનું કાવ્ય બની રહે છે. જગતની સઘળી સંપત્તિ કોઈ પરમ નિર્માણની વ્યવસ્થા માટે તે એકત્રિત કરે છે, સંયોજિત કરે છે. મહાલક્ષ્મીના એકત્વ સહજ

જ્ઞાનનો સ્પર્શ થતાં તેના આત્માની વિશાળતાનો સ્પર્શ થતાં, સાદામાં સાદી અને પ્રાકૃતમાં પ્રાકૃત વસ્તુઓ પણ અલૌકિક અદ્‌ભુત બની જાય છે અને જો હૃદયમાં પ્રવેશ કરવા દેવામાં આવે તો તે જ્ઞાનને અદ્‌ભુતતાનાં શિખરો સુધી પહોંચાડી આપે છે અને સર્વજ્ઞાનને વટાવી જનાર એવા અલૌકિક આનંદની પરાકાષ્ઠાનાં ગૂઢ રહસ્યો હૃદયની સમક્ષ પ્રગટ કરે છે. ભક્તિની સાથે તે પ્રભુ પ્રત્યેના આવેગમય આકર્ષણનો યોગ કરી આપે છે અને સામર્થ્યને અને શક્તિને એવી તો લયબદ્ધતા શીખવે છે જેને લીધે એમનાં કાર્યોની શક્તિ સંવાદમય અને સપ્રમાણ તાલબદ્ધ બને છે અને પૂર્ણતા ઉપર તે એવી મોહિની બિછાવે છે કે જેથી કરીને તે ચિરંજીવ બની રહે છે.

મા ભગવતીની કર્મની શક્તિ, સુવ્યવસ્થા અને પૂર્ણતાનું તેનું સ્વરૂપ તે મહાસરસ્વતી છે. ચારે શક્તિઓ (મહેશ્વરી, મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી)માં તે સૌથી નાની હોઈ કાર્યના અનુષ્ઠાનમાં કાર્યવાહક શક્તિમાં તે સૌથી વધારે નિપુણ છે તથા સ્થૂળ પ્રકૃતિની તે સૌથી નિકટ છે. મહેશ્વરી જગતનાં બળોની વિશાળ કાર્યરેખાઓ આંકી આપે છે, મહાકાલી એમનામાં રહેલી શક્તિને તથા આવેગને દ્રુતગતિ આપે છે, મહાલક્ષ્મી એમના લય-છંદોમયતા અને પ્રમાણને શોધી આપે છે, પરંતુ એ શક્તિઓના સંગઠનની અને કાર્યના નિર્વાહની વિગતોની ઝીણવટ તથા અંગો અને વિભાગોને પરસ્પર સંબંધ, બળોનું સફળ સંયોજન, પરિણામ અને સાર્થકતા સાધવામાં અમુક ચોકસાઈ એ સઘળા વ્યાપારોની અધિષ્ઠાત્રી તો મહાસરસ્વતી છે. વસ્તુઓનું શાસ્ત્ર, કારીગરી, આયોજન યાને પરિભાષા એ સઘળું મહાસરસ્વતીનું કાર્યક્ષેત્ર છે. સિદ્ધ કર્મકર્તામાં હોય છે તેવું વસ્તુઓનું ઊંડું, ચોક્કસ જ્ઞાન, સૂક્ષ્મતા અને ધીરજ, સહજ જ્ઞાનવાળી બુદ્ધિની ચોકસાઈ-અસ્ખલિતતા, સચેતન હસ્ત, પરખ કરનારી દૃષ્ટિ આ સઘળી વસ્તુઓ તે પોતાની પ્રકૃતિમાં હંમેશાં ધારણ કરે છે અને જેમને પસંદ કરે છે એમને એ બધું બક્ષી પણ શકે છે. એ શક્તિ સુદૃઢ, બળવાન, અવિશ્રાંત, સાવધ અને કાર્યકુશળ સ્થપતિ યાને નિર્માતા છે, તે સંગઠન કરનાર, વ્યવસ્થાપક, યંત્રવિદ્ કારીગર, જગતોનું વર્ગીકરણ કરનાર-વિશ્વકર્મા છે. જ્યારે તે પ્રકૃતિનું નવનિર્માણ અને રૂપાંતર કરવાનું કાર્ય હાથમાં લે છે ત્યારે એ લાંબા સમય સુધી પરિશ્રમ લઈને કામ કરે છે, ઝીણામાં ઝીણી વિગતોમાં ઊતરે છે, ઘણી વાર આપણી અધીરી દૃષ્ટિને તેનું કામ ઘણું ધીમું અને કદી પણ એનો અંત જ નહિ આવે એવું લાગે છે પરંતુ એનું કાર્ય સ્થિર નિષ્ઠાથી આગળ વધતું સમગ્રતાવાળું અને ખામી વગરનું હોય છે. કારણકે એનાં કાર્યોની પાછળ રહેલું સંકલ્પબળ ઝીણી કાળજીવાળું, સદાય જાગ્રત, કદી ન થાકે એવું હોય છે. આપણા ઉપર ઊર્ધ્વ ભૂમિકામાંથી નીચે વળીને મહાસરસ્વતી એકેએક નાનામાં નાની વિગતની નોંધ લે છે, તેને પોતે સ્પર્શે છે, ઝીણી ઝીણી પ્રત્યેક ખામીને, દોષને, ત્રુટિને, વિકૃતિને કે અપૂર્ણતાને પકડી પાડે છે. અત્યાર સુધીમાં થઈ ચૂકેલા કાર્યનો ક્યાસ કાઢે છે અને હજી ભાવિમાં જે બાકી રહેલું હોય છે, તેની ચોક્કસપણે ગણત્રી કરે છે. એના ધ્યાન માટે કોઈ ચીજ અતિ નાની કે અતિ નજીવી હોતી જ નથી. સઘળી વસ્તુઓ પર તે ધ્યાન આપે છે. વળી, કોઈ વસ્તુ ગમે તેવી અસ્પર્શ્ય અતિન્દ્રિય કે ઢંકાયેલી કે વેશધારી, કે અપ્રગટ ભલે હોય તો પણ તેની દૃષ્ટિને ચૂકવી શકતી નથી. જ્યાં સુધી

સત્ય આકાર ધારણ ન કરે ત્યાં સુધી આપણી પ્રકૃતિના પ્રત્યેક ભાગને તે ફરી ફરીને ઘડ્યા જ કરે છે-ઘડ્યા પછી સમગ્રમાં યોગ્ય સ્થાને ગોઠવાય, તેનો વિશિષ્ટ હેતુ સાધે ત્યાં સુધી સંભાળ રાખીને તેને ફરી ફરીને સંસ્કારે છે. વસ્તુઓની જે વ્યવસ્થા અને પુનર્વ્યવસ્થા તે સતત અને ખંતપૂર્વક તે કર્યા કરતી હોય છે. તેમાં બધી જરૂરિયાતોનું અને તેમને કેવી રીતે પૂરી કરવાની છે તેનું જ્ઞાન એકી વખતે તેની નજરમાં આવી જાય છે. તથા શું ગ્રાહ્ય છે (પસંદ કરવાનું છે) અને શું વર્જ્ય છે તે સહજ જ્ઞાન વડે તે જાણે છે. કર્મ કરવા માટેનું યોગ્ય કરણ, ઉપયુક્ત કાળ સાચી પરિસ્થિતિ અને સાચી પ્રક્રિયા એ સઘળું તે સફળતાપૂર્વક નક્કી કરે છે. બેદરકારી, ઉપેક્ષા, લાપરવાહી અને પ્રમાદ પ્રત્યે તેને અત્યંત ઘૃણા છે. વેઠઉતાર વૃત્તિથી, ઉતાવળમાં, અવ્યવસ્થિતપણે કરેલાં સઘળાં કામો, અનાવડત, ‘લગભગ’ થયું ગણીને ચલાવી લેવાની વૃત્તિ, લક્ષથી જુદે જ માર્ગે ચડી જવું-ગફલત કરવી, સાધનો તથા શક્તિઓને ખોટી રીતે ઉપયોગમાં લેવાં-કામને કર્યા વિના જ કે અધવચથી પડતું મૂકવાની શિથિલ વૃત્તિ, એ બધું એની પ્રકૃતિને જરા પણ રુચતું નથી. આ વસ્તુઓ તેને કુપિત કરે છે. એની પ્રકૃતિમાં એ વસ્તુઓને જરા પણ સ્થાન નથી. જ્યારે મહાસરસ્વતીનું કાર્ય પૂરું થાય છે ત્યારે જણાય છે કે તેમાં એક પણ વસ્તુ વિસ્મૃતિથી રહી ગઈ નથી, કોઈ પણ ભાગ અસ્થાને મુકાઈ ગયો કે રહી ગયો નથી અથવા તો ખામી ભરેલી સ્થિતિમાં પડી રહ્યો નથી. એના કાર્યમાં બધું જ સંગીન, ચોક્કસ, સંપૂર્ણ અને પ્રશંસનીય છે. કેવળ સંપૂર્ણ પૂર્ણતા જ એને સંતુષ્ટ કરી શકે છે. પોતાના સર્જનને પરિપૂર્ણ કરવા માટે જો જરૂર હોય તો એ દેવી સનાતન કાળ સુધી પરિશ્રમ કરવાને તૈયાર હોય છે. આ કારણને લઈને મા ભગવતીનાં સર્વ સ્વરૂપોમાં મહાસરસ્વતી માનવ પ્રત્યે અને તેની હજારો અપૂર્ણતાઓ પ્રત્યે સૌથી વધારે સહિષ્ણુ અને ક્ષમાશીલ છે. માયાળું, સ્મિતમુખી, નિકટ અને મદદરૂપ થતી, સહેલાઈથી વિમુખ કે નિરુત્સાહ ન થનારી, વારંવાર નિષ્ફળતા મળે તે છતાં અડગ, આગ્રહી એવી મહા-સરસ્વતીનો હસ્ત દિવ્ય પંથની વાટે આપણને પ્રત્યેક પગલે પોતાનો આધાર આપે છે, પણ તે એ શરતે કે આપણો સંકલ્પ અનન્ય હોય, આપણે પ્રામાણિક અને દિલના સાચા હોઈએ. કારણકે દ્વિધા ચિત્તવૃત્તિ તે કદી ચલાવી લેતી નથી, પાઠ ભજવવાની વૃત્તિ પ્રત્યે, ખોટા ઠઠેરા, ખોટી સજાવટ પ્રત્યે તથા આત્મવંચના અને દંભ પ્રત્યે એનો વેધક કટાક્ષ દયાહીન હોય છે. આપણી માતા જેવી છે, મુશ્કેલીઓમાં તે મિત્ર છે, પ્રશાંત અને સુદૃઢ મંત્રી અને સલાહકાર છે. શોક, ઉદ્વેગ અને નિરુત્સાહનાં વાદળોને તે પોતાના ઉજ્જ્વલ સ્મિતથી વિખેરી નાખે છે. આ બધાં કાર્યો દ્વારા તે પોતાની સદા પ્રત્યક્ષ, સુલભ સહાયનું આપણને હંમેશાં સ્મરણ કરાવે છે તથા આપણી દૃષ્ટિને પ્રભુના શાશ્વત સૂર્યપ્રકાશ પ્રત્યે દોરે છે-આપણને તે ગૂઢ અને સતત જાગ્રત અભીપ્સા પ્રભુની દિવ્ય પ્રકૃતિની સમગ્રતા પ્રાપ્ત કરવાને દોરે છે. તેના કાર્યમાં આ દેવી શાંત અને સુદૃઢ ભાવે તથા ખંતપૂર્વક પોતાની પ્રેરણા આપ્યે જાય છે. મા ભગવતીનાં અન્ય સ્વરૂપો પોતાના કાર્યની સંપૂર્ણતા માટે મહાસરસ્વતીની ઉપર આધાર રાખે છે, કારણકે સ્થૂળ તત્ત્વનો પાયો તે જ સુનિશ્ચિત કરી આપે છે. ઝીણી ઝીણી વિગતોને પરિશ્રમપૂર્વક ગોઠવી આપે છે અને સમગ્ર રચના-બંધારણનું કવચ તૈયાર કરીને તેનો એકે-એક ખીલો જડી આપે છે. (સંપૂર્ણ) ❑

## (૫) ઉચ્ચાત્માઓ જીવને આકર્ષે છે

શ્રીમોટા

આપણે બધાં તો સંસારી જીવો રહ્યાં, એટલે ભગવાનની કૃપાથી અથવા તો કર્મ પ્રારબ્ધ સંજોગે કરીને કોઈ ઉચ્ચાત્મા સાથે અથડાઈ પડ્યાં તો **તેવા લોક આપણા જેવાં જીવને ખેંચવાને કાજે કોઈ ને કોઈ પ્રકારનું આકર્ષણ આપણામાં જન્માવે છે.**

ઉચ્ચાત્માના એવા આકર્ષણ વડે જો આપણે પ્રભુસ્મરણની ભાવના સળંગ, એકધારી જીવંત રાખી શક્યાં તો તે આકર્ષણ ઉપયોગી નીવડી શકે છે. એવા આકર્ષણને જેમ જેમ ઉપયોગમાં લેવાતું જાય છે, તેમ તેમ તે આકર્ષણનો પ્રકાર અને આકાર પણ બદલાતો જાય છે.

બાળકને આપણા તરફ આકર્ષતું કરવાને માટે બાળકના પ્રકારની રીતભાત આપણે આચરીએ છીએ. તેવી રીતે ઉચ્ચાત્માઓ કે સંતાત્માઓ પણ અનેક જુદા જુદા પ્રકારના જીવોને જીવન પરત્વે આકર્ષવાને તેમની તેમની રીતનું જ્ઞાનપૂર્વકનું વલણ લેતા પણ હોય છે.

સમજુ જીવો તેવા જન્મેલા આકર્ષણનો સાચો ઉપયોગ કરી શકે છે. પોતાના સર્વ પ્રકારના દોષો નીરખી નીરખીને તેમાંથી ટળી જવાને મથ્યાં કરતો હોય છે અને એકમાત્ર પ્રભુસ્મરણની ભાવનામાં જ રમ્યા કરવાનું હૃદયથી ચાહે છે, પરંતુ જે જીવો આવા આકર્ષણને નકામું જવા દે છે, આકર્ષણ વડે કરીને જે જીવ જાગતો નથી, તેવા જીવ તો મૂઆ પડ્યા જેવા છે.

અમારું હૃદય તો પ્રેમભાવનાથી કરીને સદાય કુમળું કુમળું રહે છે. અમને તો હૈયામાં ભાવનાની પ્રચંડ જ્વાળામુખી સમી ભૂખ પ્રગટેલી છે. તે કદી હોલવાતી જ નથી. **સંસારવહેવારમાં મળેલું કામ તો કરતા રહેવું પરંતુ હૃદય તો ભગવાનની ભક્તિમાં જ રાખ્યા કરવું.**

સંસારમાં મળેલા અનેક પ્રકારના જીવોની સાથેના સંપર્કમાં તેમની તેમની બાબતના આમ કે તેમ કોઈ જાતના વિચારો આપણને અથડાઈ ન પડે, એટલું જીવતુંજાગતું ભાન રાખવું. હંમેશાં સદ્‌ગુણના ભક્ત બનવું. બને તેટલું ઓછામાં ઓછું બોલવું.

સદા નમ્રમાં નમ્ર રહેવું. સર્વ પ્રસંગોમાં અને બનાવોમાં શાંતમાં શાંત રહેવું. અશાંત થવાતાં પ્રભુની પ્રાર્થના કરવી. જીવ પ્રકારના નકારાત્મક વલણો, વૃત્તિઓ અને વિચારોને તેમની તેમની ઊઠતી પળે સભાન બનીને આપણે રચનાત્મકપણે વાળવાનું કરીએ તો જ આપણો દહાડો કાંઈક વળે.

સંસારવહેવારમાં અનેક પ્રકારના જીવો સાથે મળવાનું થયા કરવાનું. અનેક કામોમાં ભેળું થવાનું બનવાનું, પરંતુ તે તે વેળા આપણે તો આપણા જીવનના આદર્શની ભાવનામાં જ જ્ઞાનભક્તિપૂર્વક રમ્યા કરવાનું બને એટલી જાગૃતિ સેવ્યા કરવાની છે. કોઈનીયે સાથે ચાલતાં સુધી ભૂલેચૂકે અથડામણ ન થઈ જાય, તેટલા કાજે ઘણી ઘણી કાળજી રાખવી.

અમારા હૈયામાં તો આગ પ્રગટેલી છે. તે બધા પ્રભુકૃપાથી મળેલા જીવો શાંત કરી શકે ત્યારે ખરા !

'જીવનસોપાન', બીજી આ. પૃ. ૧૦૫ ❑

## (૬) વાસનિક ત્યાગી અને નિર્વાસનિક ગૃહી

શ્રીજી મહારાજે સર્વે પરમહંસોને કહ્યું, 'જે સાંભળો અમે એક પ્રશ્ન પૂછીએ છીએ.' પછી પ્રશ્ન પૂછ્યો-ભગવાનનો એક ભક્ત છે તે ત્યાગી છે. દેહે કરીને તે સર્વ વર્તમાન (વર્તન-વહેવાર) દૃઢ રાખે છે. (શરીરથી શુદ્ધ રહે છે. કોઈ પણ નિષિધ કર્મ કરતો નથી) પરંતુ તેને અંતરમાં તો વિષય ભોગવવાની વાસના અતિશય તીખી છે. (ભલે દેહને પવિત્ર રાખે છે પણ મનમાં વિષયભોગની તીવ્ર લાલસા છે. દેહથી જરા પણ ભ્રષ્ટ આચરણ થતું નથી. સંસારની દૃષ્ટિમાં સમાજના સ્ત્રી-પુરુષોની દૃષ્ટિમાં તે પરમ ત્યાગી જણાય છે, પરંતુ અંતઃકરણમાં વાસના ભરી છે. અંદરથી નિર્વાસનિક થયો નથી) દેહે કરીને તે ભ્રષ્ટ થતો નથી એવો ત્યાગી છે. હવે બીજો એક ભક્ત છે. તે ગૃહસ્થી છે. તેને દેહે કરીને ધનનો-સ્ત્રીનો પ્રસંગ છે. પરંતુ તેને અંતરથી તેના અંતઃકરણમાં આ બધા ઇંદ્રિયોના વિષયો પ્રત્યે જરા પણ આસક્તિ નથી. તે અંદરથી સર્વ પ્રકારે નિર્વાસનિક છે. એ બેય જણ જ્યારે દેહ મૂકશે (મૃત્યુ થશે) ત્યારે એ બેયની શી ગતિ થશે ? બંને સરખી ગતિ પામશે ? કે પછી ન્યૂન-અધિક થશે ?આ બેય વિશે ઉત્તર આપો.'

પછી ગોપાળનંદ સ્વામી બોલ્યા જે, 'એ' બંનેની ભિન્ન ભિન્ન ગતિ થશે. ત્યાગી જ્યારે દેહ ત્યાગ કરશે ત્યારે એને વિષયો ભોગવવાની તીખી વાસના (તીવ્ર ઝંખના) છે માટે તેને ભગવાન મૃત્યુલોકને વિશે અથવા દેવલોકને વિશે મોટા ગૃહસ્થને ત્યાં જન્મ આપશે, જ્યાં તેને અતિશય વિષય ભોગની સગવડ હશે. ગીતામાં ભગવાને આવા ગૃહસ્થીઓને યોગભ્રષ્ટ કહ્યા છે. આવા યોગભ્રષ્ટ આત્માઓને બીજા જન્મમાં પવિત્ર ધનવાનોના ઘરે જન્મ આપે છે. શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટઃ અભિજાયતે. જ્યાં તે ધર્મના નિયમોની મર્યાદામાં રહીને સર્વ પ્રકારના ભોગ ભોગવીને એ હરિભક્ત જ્યારે ફરીથી દેહ છોડશે ત્યારે નિર્વાસનિક થઈને, પૂર્વજન્મનો વિષયભોગની ખાસિયતના દોષ વિશે પછતાવો કરી ફરી ભગવાનના ચરણમાં સ્થાન પામશે.

હવે જે હરિભક્ત ગૃહસ્થી હોવાથી તેને ગૃહસ્થને ઉચિત એવા બધાં જ ભોગો પ્રાપ્ત હોવા છતાં તેના અંતરમાં-અંતઃકરણમાં જરા પણ ભોગવાસના નથી. પૂરેપૂરો નિર્વાસનિક છે. તે જે કંઈ કરે છે તે ગૃહસ્થ ધર્મના કર્તવ્ય-પાલન માટે જ કરે છે. ઉપનિષદમાં જેને ત્યેન ત્યક્તેન ભૂંજિથાઃ કહ્યું છે તે પ્રમાણે ભોગ ભોગવેલ છે. આવો નિર્વાસનિક ગૃહસ્થ હરિભક્ત જ્યારે દેહ છોડશે ત્યારે તરત જ ભગવાનનું બ્રહ્મપુર કહો કે બ્રહ્મસ્વરૂપ કહો, કે હરિશરણ કહો, મોક્ષ કહો, કે મુક્તિ કહો જે કહેવું યોગ્ય લાગે, પસંદ પડે તે કહો, એવા સ્થાનને તે પ્રાપ્ત કરશે. પછી ફરી તેને જન્મ ધારણ કરવો પડશે નહિ.' શ્રીગોપાળાનંદજીના

આ ઉત્તરથી શ્રીજીમહારાજ પ્રસન્ન થયા અને બોલ્યા જે 'ઠીક કહ્યું, એનો ઉત્તર એ જ છે.'

પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે 'એવી દૃઢ વાસના (ત્યાગી ભક્તના મનમાં) હોય ને તેની જેને ટાળવાની (એ વાસનામાંથી મુક્ત થવાની) ઈચ્છા હોય તો તે શા ઉપાય કરે ત્યારે ટળે ?'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, 'જેવું ઉકા ખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંતની સેવા કર્યાનું જેને વ્યસન પડે, ને તે વિના તેને એક ક્ષણ પણ રહેવાય નહિ, તો એના અંતઃ-કરણની જે મલિન વાસના છે તે સર્વે નાશ પામી જાય.'

આ વાત આપણને સૌ હરિભક્તો, સંતો, સજ્જનો, સન્નારીઓ સૌને સમજાવે છે કે જો વાસનારહિત થવું હોય તો ભગવાન અને ભગવાનના ભક્તોની નિઃસ્વાર્થ ભાવે તેમની પાસેથી કાંઈ પણ મેળવવાની અપેક્ષા વિના તેમની સર્વ પ્રકારે સેવા કરવી. વાસનાથી છૂટવાનો એકમાત્ર ઉપાય છે સેવા. અને માટે જ તુલસીદાસે સેવા ધર્મને અતિ કઠોર-કઠિન કહેલ છે. પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો, જે 'હે મહારાજ ! જેણે કરીને ભગવાન અતિશય રાજી થાય એવું કયું સાધન છે ?' પછી શ્રીજી મહારાજ બોલ્યા, 'જ્યારે (ગૃહસ્થના) ઘરમાં (ફક્ત) એક પણ અન્ન મળતું હોય ને ત્યારે (તેની) જેવી સંત ઉપર પ્રીતિ હોય, ને જેવું દીનપણું હોય અને પછી તેને (તે ગૃહસ્થને) એક ગામનું રાજ્ય આવે અથવા પાંચ ગામનું રાજ્ય આવે અથવા પચાસ ગામનું રાજ્ય આવે અથવા સો ગામનું રાજ્ય આવે અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તો પણ સંતની આગળ (પોતાના ગુરુની આગળ) તે પહેલા જેવો જ દીનહીન બની રહે તેની નમ્રતામાં ગર્વ ન આવે, પોતાનાં પદ કે પ્રતિષ્ઠાનો જેને અહં ન આવે તેને ઈન્દ્રલોક કે બ્રહ્મલોકનું રાજ્ય મળે તો પણ તેના વર્તનમાં વહેવારમાં જરાપણ બદલાવ ન આવે તે પહેલા જેવો ગરીબ-દીન-નમ્ર બનીને રહેતો હતો તેવો જ રહે તો અને સૌ સંતની 'ટેલચાકરી' ક્રિયાત્મક અને ભાવાત્મક સેવા કરતો રહે તેની સંતમાં-ભગવાનમાં શ્રદ્ધા-ભક્તિ-સેવા-પ્રેમ જેમના તેમ રહે, ઐશ્વર્ય આવે તો પણ અભિમાન ન આવે. તે પોતાને સંતથી ચડિયાતો કે સંતની બરાબરનો ન માને. સાધુ-સંતો સાથે પિતરાઈ દાવો બાંધે નહિ. ગંગાસતી જેને 'બદલે નહિ જેના વર્તમાન રે' કહે છે તેવા શીલવંત સાધુ ઉપર ભગવાન બહુ રાજી રહે છે.'

ભગવાનને છળકપટ નથી ગમતું. તેને ગર્વ-અહમ્ નથી ગમતો, તેને તો 'સરલ સ્વભાવ ન મન કટુલાઈ' એવા ભક્તો બહુ ગમે છે. ભક્તના નિષ્કપટ વર્તનથી ભગવાન બહુ રાજી થાય છે.

'મૌન બોલે છે', ડિસે. ૨૦૧૫ માંથી સાભાર ❑

# (૭) દેહની શોભા દેવને લીધે છે

**ડોંગરેજી મહારાજ**

પરમાત્માએ માનવને બુદ્ધિ અને શક્તિ આપી છે. એનો ઉપયોગ ભગવાન માટે કરે તો એને મરતાં પહેલાં પરમાત્માનાં દર્શન થઈ શકે. પરંતુ ઘણા ભાગે માનવ બુદ્ધિનો ઉપયોગ પૈસા કમાવા માટે કરે છે અને શક્તિનો ઉપયોગ ભોગ માટે કરે છે. આ દુર્લભ માનવ શરીર પામીને પરમાત્માનાં દર્શન માટે જે જીવ પ્રયત્ન કરતો નથી તે જીવ પોતાની જ હિંસા કરે છે. ઋષિઓએ આવા જીવને આત્મહત્યારો કહ્યો છે.

પ્રભુનાં દર્શન માટે પ્રયત્ન કરનારને પરમાત્માનાં દર્શન ભલે ન થાય, પણ એનું મરણ સુધરે છે. અંતકાળે એને શાંતિ મળે છે. જ્યારે કોઈ પણ લૌકિક સુખની ઈચ્છા જેના મનમાં છે એને અંતકાળમાં બહુ ત્રાસ થાય છે.

ભક્તિ માનવ શરીરમાં જ થાય છે. દેવોને સ્વર્ગમાં અતિ સુખ મળે છે છતાં એ ભોગભૂમિ છે. જેણે બહુ પુણ્ય ભેગું કર્યું હોય તે સુખ ભોગવવા સ્વર્ગમાં જાય છે, પણ પુણ્ય ભોગવાઈ જતાં સંસારના નિયમ પ્રમાણે જ્યાં સુખ છે ત્યાં દુઃખ પણ હોય છે જ.

માનવ ધારે તો સ્વભાવ સુધારી શકે છે. જપ કરશો, કથા સાંભળશો તો તમારો સ્વભાવ સુધરી શકશે. સત્સંગથી પણ એ શક્ય છે. ભક્તિ કરવાથી જીવમાં પરમાત્માનાં સદ્ગુણ આવે છે. માનવ ધારે તો પાપ છોડી શકે છે અને પુણ્ય કરી શકે છે.

મંદિરમાં ભગવાનનાં દર્શન કરવાં એ સાધારણ દર્શન છે. મંદિરમાંથી બહાર આવ્યા પછી આંખ પાપ કરે છે, મન ખરાબ વિચાર કરે છે. મંદિરમાં ભીડમાં કોઈનો ધક્કો લાગી જાય તો મન અશાંત થઈ જાય છે. હૃદયમાં ભાવ ન હોય તો મંદિરમાં પથ્થરની મૂર્તિ દેખાય છે.

આ જીવ ઈશ્વરનો પુત્ર છે. એટલે જીવ જ્યારે પાપકર્મ કરે ત્યારે ઈશ્વરને દુઃખ થાય છે. જેમ મંદિરમાં ભાવનાથી ભગવાનનાં દર્શન કરો છો તેમ મંદિરમાંથી બહાર આવ્યા પછી તમને કોઈ સ્ત્રી કે પુરુષ દેખાય તો તેમાં મંદિરમાં રહેલા ભગવાન બિરાજમાન છે એવી ભાવના કેળવો. શરીરમાં દેવનાં દર્શન તેને થાય છે, જેને દેહમાં દૃષ્ટિ નથી. મળ-મૂત્રથી ભરેલું આ શરીર બહુ જોવા લાયક નથી. આ શરીર ખરેખર સારું હોય તો તેમાંથી પ્રાણ નીકળ્યા પછી ઘરમાં કેમ સાચવી રાખતા નથી ! શરીરની અંદર ભગવાન બિરાજેલા છે તેથી શરીરની શોભા છે. **દેહની શોભા દેવને લીધે છે.** દેવનાં દર્શન તેને થાય છે, જે દેહથી દૃષ્ટિ હટાવે છે અને જે દેહનું બહુ ચિંત્વન કરતો નથી. બોલવાની અને સાંભળવાની શક્તિ પરમાત્મા જ અર્પે છે.

ભગવાનનાં દર્શન સર્વ કાળ કરો. દેહ ભલે જુદા જુદા હોય પણ દરેક કે અનેક શરીરમાં પરમાત્મા એક જ છે. પશુ-પક્ષીમાં, પ્રત્યેક માનવ શરીરમાં જે પરમાત્માનાં દર્શન કરે છે તેને અસાધારણ દર્શન કહે છે. આવા અસાધારણ દર્શનથી બહુ શાંતિ મળે છે.

સનાતન ધર્મ તો ત્યાં સુધી કહે છે કે આ ધરતીમાં ભગવાન છે, જળમાં ભગવાન છે, તેજમાં ભગવાન છે. ભગવાને ઇંદ્રિયો બહિર્મુખ બનાવી છે તેથી અંદરના ભગવાન દેખાતા નથી. પૃથ્વીમાં ભગવાન ન હોય તો સુગંધ આવે નહિ. ધરતીમાતા સર્વનું ધારણ-પોષણ કરે છે. ધરતી સર્વની મા છે. માને ક્રોધ આવતો નથી. દયા જ આવે છે. ફૂલમાં ગંધ રૂપે, જલમાં રસ રૂપે પરમાત્માની જ સત્તા વિલસે છે. તેથી તો પાણી પીવાથી શાંતિ મળે છે.

મેંદીમાં લાલાશ દેખાતી નથી. પણ એના કણેકણમાં લાલાશ છે, એવી રીતે જગતના અણુ અણુમાં પરમાત્મા વિરાજે છે.

'શ્રીમદ્ ભાગવત રસામૃત', ૧૯મી આ. પૃ. ૭ ❑

# (૮) પ્રભુનો પ્રતિનિધિ : પુનિત મહારાજ (૭)

નરહરિ દવે

*(જાન્યુઆરી, ૨૦૧૬ના અંકથી આગળ)*

અમદાવાદ શહેરના રાયપુર દરવાજા બહાર આવેલી લાયબ્રેરીમાં બાલકૃષ્ણ સવારે અચૂક પહોંચી જતો. વર્તમાનપત્રોમાં 'જોઈએ છે'ની નોકરીની જાહેરાતો પર નજર દોડાવી, છાપાં વાંચીને ખાડિયા ચાર રસ્તા પાસે આવેલી એક હોટલમાં બેસતો. ક્યારેક ચાના પૈસા બાકી રહેતા. એમ કરતાં કરતાં ચાનું ખાતું વધતું ગયું. એટલે એક દિવસે હોટલ માલિકે કડક ઉઘરાણીના આકરા શબ્દો કહ્યા. બાલકૃષ્ણને એ વેધક બાણોએ આરપાર વીંધી નાખ્યો. સંકલ્પની શક્તિના સહારે પાંચેક દિવસમાં હોટલનું બિલ ચૂકતે કરી દીધું. એ માટે બાલકૃષ્ણને મજૂરીના બે કામ વધારે કરવાં પડ્યાં હતાં.

બાલકૃષ્ણની મૂંઝવણનો પાર નહોતો. છૂટક મજૂરીથી તો પરિવારના આછાપાતળા રોટલા માંડમાંડ નીકળતા હતા. ઘીદૂધનાં તો સ્વપ્નાં થઈ ગયાં હતાં. ચા-સિગારેટ પણ જળોની જેમ વળગેલાં હતાં. સખત પરિશ્રમ, સતત ચિંતા અને અપૂરતા ખોરાકને લીધે બાલકૃષ્ણનું સ્વાસ્થ્ય લથડવા લાગ્યું. ઉધરસમાં પડતા લોહીની છાંટ દેખાવા માંડી. ડૉક્ટરે તપાસીને કહ્યું કે અત્યાર સુધી શું ઊંઘતા હતા ? થર્ડ સ્ટેજ સુધી ટી.બી.નો રોગ પહોંચી ગયો છે. મહિના કાઢો તોય નસીબદાર. છતાં દવા લખી આપું છું. જ્યાં લગી શ્વાસ ત્યાં લગી આશ. દવા ઉપરાંત ખોરાક, ફળ-ફળાદિ, હવાફેર વગેરે અંગે એક પછી એક રોગની સારવારની વિગતો જણાવી. તેમ કરતાંય ત્રીજા સ્ટેજનો ટી.બી. મટાડવો મુશ્કેલ હોય છે.

બાલકૃષ્ણનું ચિત્ત ચિંતાને ચાકડે ચડી ગયું. વિચારમાં ને વિચારમાં બાલકૃષ્ણના પગ આદત અનુસાર રાયપુર લાયબ્રેરી તરફ વળ્યા. ત્યાં પાસેના મહાદેવમાં થતી કથાના શબ્દો તેના કાને પડ્યા. બાલકૃષ્ણનું અંતર બળવો પોકારી ઊઠ્યું, 'આ બધાય ધરમનો ધજાગરો લઈને હાલી નીકળ્યા છે. પરમાર્થ અને પુણ્યની વાતો કરીને કથાકારો લોકોને ઊઠાં ભણાવી રહ્યા છે. મનમાં પણ ભગવાન વિશે નકારાત્મક વિચારો ઊભરી આવ્યા હતા. એટલામાં જબરી ઉધરસ ચડી, બેવડ વળી જવાયું. ગળામાં ભરાયેલ કફ બહાર નીકળતાં એમાં લાલ લોહીની રતાશ જોતાં આંતરવેદના થઈ આવી કે આમ લોહી ઓકતાં ઓકતાં જ એક દિવસ મારા જીવનનો ખેલ ખતમ થઈ જવાનો.

બરાબર એ જ પળે કથાકારના શબ્દો સંભળાયા કે **રામનામનું રસાયણ ભવરોગને હણનાર છે.** બીજાં રસાયણો તો તનનો રોગ મટાડે છે જ્યારે રામનામ તનના રોગ ઉપરાંત મનના રોગ પણ મટાડે છે. કથાકારની વાણી મલમપટ્ટાનું કામ કરવા લાગી. બાલકૃષ્ણ કથામાં તલ્લીન થતાં સાંભળવા લાગ્યા કે બીજા બધા રોગો તો કાળે કરીનેય મટે છે પરંતુ આ ભવરોગ ભૂંડો છે. રામનામનું રસાયણ ભવરોગ મટાડતું હોય તો તનના રોગ તો શા હિસાબમાં ? કોઈ અદૃશ્ય ખેંચાણથી બાલકૃષ્ણ કંપાઉન્ડમાં પ્રવેશ્યો અને એક ચિત્તે કથારસનું પાન કરવા લાગ્યો.

**(અનુસંધાન પૃ. ૨૫ પર)**

# (૯) એકાગ્રતાવાળો જીવ મહાસુખિયો

શ્રીમોટા

ગરજ વિના, કોઈ સ્વાર્થ વિના, કંઈ કોઈ તલસાટ વિના એકાગ્રતા થતી નથી. સંસારવ્યવહારનાં કામોમાં એકાગ્રતા થવી સરળ છે. જો આપણને તે અંગે કંઈ સ્વાર્થ લાગ્યો હોય, ગરજ હોય, એની જરૂરિયાત પ્રગટી હોય, ત્યારે આપમેળે આપણને એકાગ્રતા થાય.

કેટલાક લોકો ધીરજવાન હોય છે. તેઓ પોતાને જે પરિસ્થિતિ મળી છે તે પરિસ્થિતિ પોતાના વિકાસ માટે જ છે એમ સમજીને એનો સ્વીકાર કરે છે. ઉપરાંત જેનો જેને માટે સ્વાર્થ છે તેનો તેના માટે તો એકાગ્રતા થાય જ. બીજા એક પ્રકારના એવા માણસો હોય જે પરિસ્થિતિ આવે તો નર્વસ થઈ જાય. જેની બુદ્ધિ બહેર મારી જાય, તેને કદી પણ એકાગ્રતા થાય જ નહિ. કારણ કે તે ગભરાઈ જાય ને? એકાગ્રતા થાય એટલે માણસ ગભરાય નહિ, નિશ્ચિંત થાય.

એકાગ્રતા થવાને લીધે એ વસ્તુસ્થિતિનો ઉકેલ પણ આપમેળે જલદી મળી જાય. જેને પોતાના કામ પરત્વે **એકાગ્રતા થયા કરે છે તે જીવ મહાસુખિયો છે.** પણ જે કામ આવ્યું તે કામની એને ગરજ લાગવી જોઈએ. સહજમેળે એકાગ્રતા એ તો કોઈકને જ, ભાગ્યે જ, જવલ્લે જ, લાખોમાં કોઈકને-એકને જ થાય અને તે પણ 'અનુભવી' માણસ હોય તેને. બાકી, સામાન્ય માણસોએ એકાગ્રતાને માટે પ્રયત્ન કરવો જ પડશે. એ પણ પ્રયત્નમાં એવો જ માણસ ફાવી શકશે કે જેને ગરજ, સ્વાર્થ લાગેલાં હશે. વળી એ પણ પુરુષાર્થ વિના નહિ-મહેનત વિના નહિ, સિવાય કે તમારો એટલો બધો તલસાટ હોય ! તલસાટ હોય તો એકાગ્રતા જલદી થાય અથવા તો વધારે ગાઢ થાય.

એકાગ્રતા જ્યારે ગાઢ થાય ત્યારે તમારા પ્રશ્નનો અથવા તમારે જે કામ હોય તેનો ઉકેલ પણ જલદી કરી આપે. એટલું જ નહિ, પણ એ કામ પણ સરળતાથી થાય અને સારું થાય. સીધા પાટા ઉપર આપણું કામ ચડાવી દે.

એકાગ્રતા થાય ત્યારે તે આપણા પૂરતી જ સીમિત રહેતી નથી. એ પ્રસરે છે. જેમ કામ, ક્રોધ, લોભ, મોહ થાય છે, તે આપણા પોતાનામાં જ રહેતા નથી એ પ્રસાર પામે છે. ફૂલની સુવાસની જેમ વા આવે એટલે બધે પ્રસરે છે એવી રીતે આ એકાગ્રતાનો ગુણ પ્રસરનારો છે.

આપણને જ્યારે એકાગ્રતા થાય ત્યારે બીજાને પણ પરખાઈ આવે એવી હોય છે. એકાગ્રતાનાં ચિહ્ન આપણા મોં ઉપર, આપણી આંખમાં અને આપણી બોલીમાં પણ વરતાય છે. આપણા કામમાં વરતાય છે. એકાગ્રતાથી કોઈ જાતનો ગેરલાભ નથી. કેટલાક ગુણ એવા છે કે કોઈક ગેરલાભ પણ થાય, પણ એકાગ્રતાથી તો માત્ર લાભ જ છે.

એકાગ્રતાને કારણે આપણે આપણા કામને સિન્સીઅરલી-(સંનિષ્ઠાથી) ઑનેસ્ટલી-(પ્રમાણિકતાથી) અને ડિવોશનલી-(ભક્તિ-ભાવથી) પાર પાડીએ છીએ. તમારા હાથ નીચેના માણસો જલદી કામ કરતાં થઈ જશે. આપણે પોતે જો એકાગ્ર ન હોઈએ તો આપણાં કામ અને સમય ઊડઝૂડિયા રીતે ગાળીએ છીએ. સમૂહગત કાર્યમાં આપણને જાગેલી એકાગ્રતાથી કામમાં ગરબડ ઓછી થાય છે.

મૂળે એકાગ્રતા તો આત્માની સાથે સંકળાયેલી છે. એકાગ્રતા આત્માનો એક સ્વભાવ છે-આત્માનું એક લક્ષણ છે.

'અગ્રતા-એકાગ્રતા', પ્ર.આ. પૃ. ૧૭ ❑

## (૧૦) અનોખા સ્વજન : પૂજ્ય શ્રીમોટા

નિરંજના મુકુલભાઈ કલાર્થી

નાનપણમાં સાબરમતી આશ્રમમાં અમારું કુટુંબ પૂજ્ય શ્રીમોટાના કુટુંબની બાજુમાં જ રહેતું. કશું આશ્રમ માટે ખરીદવાનું હોય તો મારી બા અને આશ્રમના કાર્યકર્તાઓ પૂજ્યશ્રી સાથે અમદાવાદ શહેરમાં સાબરમતી ક્રોસ કરીને જતા. ત્યારે હું ત્રણેક વર્ષની, તેથી પૂજ્યશ્રી વિશે સાંભળેલું પણ મને તેઓશ્રીનું સ્મરણ નહોતું.

નડિયાદના હરિઃૐ આશ્રમમાં પ્રવેશતાં હરિઃૐનો અવાજ કાનમાં અથડાયો. પૂજ્યશ્રીને પ્રણામ કરી તેઓશ્રીની ફરતે અમે સૌ બેઠાં. બધાંને વ્યક્તિગત બોલાવી પ્રશ્નો પૂછ્યા, ખબરઅંતર પૂછ્યા.

મારો વારો આવ્યો. મને એક સવાલ પૂછ્યો, 'કેમ બહેન નાની, તેં અને મુકુલભાઈએ લગ્ન કરવાનું નક્કી કર્યું છે, પરંતુ તું ગભરાઈશ તો નહિ ? બધા સાથે પ્રેમ રાખી, દુઃખો સહન કરી, અપમાનો સહન કરી આ કાર્ય કરવાનું છે. થશે તારાથી ? તું સહન કરી શકીશ ને ખરી ?'

મેં તો તરત જ ઉત્તર આપ્યો, 'મોટા આપની ઓથ મળી રહેશે તો જરાય નહિ ગભરાઉં.'

મોટાને મળવા ગઈ ત્યારે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં સ્નાતકના ત્રીજા વર્ષમાં હું અભ્યાસ કરતી હતી. એ સાલ ૧૯૬૦ની હતી.

પૂજ્યશ્રી સાથેનો મારો આ પહેલો પરિચય.

•

સ્નાતક થયા પછી પૂજ્ય શ્રીમોટા હરિઃૐ આશ્રમ, સુરત આવતા ત્યારે હું બારડોલીથી તેઓશ્રીને મળવા જતી. મારા પિતાશ્રી ઉત્તમચંદભાઈ શાહ જ્યારે ગૂજરાત વિદ્યાપીઠમાં સ્નાતકનો અભ્યાસ કરતા ત્યારે પૂજ્ય શ્રીમોટા પણ તેઓની સાથે અભ્યાસમાં. રાત્રે સૂવામાં બંનેની પથારી પણ સાથે સાથે જ. એટલે હરિઃૐ આશ્રમ જ્યારે જવાનું થાય ત્યારે માતા પિતાશ્રી મોટાને મળવા સાથે આવે.

એક વાર પૂજ્યશ્રીને મારા પિતાશ્રીએ વાત કરી કે 'મુકુલભાઈએ અને નિરંજનાએ લગ્નનું નક્કી કર્યું છે તો આપ જ લગ્ન કરાવોને ! નિરંજનાની ઇચ્છા પણ એવી જ છે.' પૂજ્યશ્રીએ થોડીક વાર વિચાર કર્યો અને પછી 'હા' પાડી.

આ વાત થયા પછી મોટા મુંબઈ ગયા. મુંબઈમાં એક સ્વજન બહેનને કહ્યું, 'એક સફેદ ખાદીની ઝીણી સાડી લઈ આવજો. એના પર જરીનો પટ્ટો મૂકાવજો. મારા મિત્રનાં લગ્ન છે.'

મુંબઈ એક ઓળખીતા સોનીભાઈને બોલાવ્યા અને કહ્યું, 'સોનાનું સુંદર મંગળસૂત્ર બનાવી આપો.'

બીજે દિવસે મોટા મુંબઈથી પૂના જવા નીકળ્યા. કારમાં જતાં જતાં રસ્તામાં છંદોબદ્ધ લગ્નવિધિ મોટાએ રચી ! આ વિધિ પર તો પછી અનેક લગ્નો થયાં.

૩૦મી મે, ૧૯૬૧ની એ સાલ. પૂજ્યશ્રીએ અમારાં લગ્ન હરિઃૐ આશ્રમ સુરતમાં, પોતાની રચેલી વિધિથી પોતાનાં હાથે કરાવ્યાં ! પેલા મુંબઈના બહેન પાસે તૈયાર કરાવેલી સાડી અને સોનીભાઈ પાસે તૈયાર કરાવેલું મંગળસૂત્ર મને પહેરાવડાવ્યું !

મુકુલભાઈ મુંબઈથી મોટા સાથે આવ્યા. ચૉરી તૈયાર કરી. મારે બારડોલીથી હરિઃૐ આશ્રમ સુરત જવાનું હતું. મારાં મોટીબહેન તથા મારા પિતાશ્રી બે જ કુટુંબમાંથી આવ્યાં. પરંતુ અમારો વિશાળ પરિવાર. તેમાંથી ગોરધાનદાસ ચોખાવાળા, જુગતરામભાઈ દવે, ઝીણાભાઈ દરજી, અરવિંદભાઈ દેસાઈ, મગનભાઈ દેસાઈ, મોહનભાઈ પરીખ ઘણા બધા આવ્યા. એમાં મથુરીબહેન ખરે પણ આવ્યાં.

સુરતથી વિનાયકભાઈ જરીવાળાએ લગ્ન નિમિત્તે આવેલા સર્વને મીઠાઈ અને સરસ નાસ્તો કરાવ્યો. પવિત્ર માહોલમાં પૂજ્યશ્રીએ લગ્ન કરાવ્યાં. ચુનીલાલ આશારામ ભગતે પોતે મુકુલભાઈના વાલી તરીકે સહી કરીને લગ્ન પણ નોંધાવ્યાં !

મને વિદાય કરતાં ભરેલે હૈયે શ્રીમોટા કહે, ‘હરિઃૐ આશ્રમ તારું પિયર છે, તારે જરાય મનમાં ઓછું નહિ લાવવાનું. પહેલાં તમે બંને બારડોલી જાઓ પછી સાંજે મુંબઈ જવા નીકળી જજો.’

સંતને હાથે લગ્ન, સંતને હાથે વિદાય ! પૂજ્યશ્રીની અપાર કૃપા.

●

લગ્ન પછી અઠવાડિયામાં જ બી.એડ્. કરવા રાજપીપળા જવાનું હતું. અઠવાડિયા પછી મુંબઈથી બારડોલી આવી ત્યારે ઘરમાં બધાં કહેવા લાગ્યાં, ‘લગ્નને અઠવાડિયું થયું, ત્યાં બી.એડ્. કરવાનું શું ? બી.એડ્. કરવાની તારે શું જરીર ? કરવું જ હોય તો આવતે વર્ષે કરજે ને !’

પૂજ્યશ્રીએ એક જ વાક્ય કહ્યું કે, ‘બી.એડ્. કરેલું તને ભવિષ્યમાં ખૂબ કામ લાગશે. તારે બી.એડ્. કરી જ નાખવું.’

આટલા વર્ષે એ જોઉં છું કે, બી.એડ્. કર્યું એ કેટલું બધું વ્યવહારું પગલું હતું ! મોટાએ કહેલું વાક્ય અત્યારે શબ્દશઃ સાચું છે !

●

બી.એડ્. થયા પછી એક વાર મેં મૌન મંદિરમાં બેસવાની ઇચ્છા વ્યક્ત કરી. શ્રીમોટા એ દિવસો દરમિયાન હરિઃૐ આશ્રમ, સુરત જ રહેવાના હતા. મને થયું કે, હું પ્રથમ વાર મૌનમાં બેસું છું એટલે મોટા આશ્રમમાં હોય તો સારું.

મોટા સુરત સ્ટેશને ઊતર્યા. મારે પણ સુરત સ્ટેશને પહોંચવું એવું નક્કી થયેલું. મુકુલભાઈ તે સમયે ‘જન્મભૂમિ પ્રવાસી’માં મુંબઈ કામ કરે એટલે નંદુભાઈ અને મોટા સાથે હરિઃૐ આશ્રમ, સુરત જવા નીકળ્યા. કારમાં જતાં જતાં મને મોટા કહે, ‘નાની, મૌનમંદિરમાં નામસ્મરણ સરસ કરજે.’ મેં માત્ર ‘હાજી’ કહ્યું.

સાત દિવસ માટે મૌનમાં બેઠી. ત્રીજે જ દિવસે મેં મોટાને એક ચિઠ્ઠી મોકલી. ‘મને અંદર બહુ બીક લાગે છે.’

પૂજ્યશ્રીએ મને સમજાવ્યું કે ‘એ તો જન્મોજન્મના ભયના સંસ્કારો મન પર પડ્યા હોય એટલે ભય લાગે છે. જોરથી નામસ્મરણ કર. મનમાંથી એ વિચારો કાઢી નાખ. એટલે ભય ભાગી જશે.’

ખરેખર, જોરથી નામસ્મરણ કરવાથી ભય ભાગી ગયો !

સાત દિવસ પછી મૌનમંદિરમાંથી નીકળી

પૂજ્યશ્રીને પ્રણામ કરી બારડોલી જવા નીકળી. રાત્રે સૂતા હતા ત્યારે મારી બાએ બાપુજીને કહ્યું, 'નાની ઊંઘમાં હરિઃૐ બોલતી હોય એવું લાગે છે.' હું ઊંઘમાં હરિઃૐ બોલી હોઈશ. મારા બાપુજીને ટીખળ સૂઝ્યું. હું ઊંઘમાં હરિઃૐ બોલું, તેઓ સામે હરિઃૐ કહે, મેં તો ઊંઘમાં ને ઊંઘમાં હરિઃૐનો જાપ શરૂ કર્યો !

મારી બા થોડી વાર આ સાંભળી રહી. એનાથી રહેવાયું નહિ. એ તો મારી પાસે આવી. મને ખૂબ ઢંઢોળીને જગાડી. મેં બાને કહ્યું, 'આટલી રાતે મને શું કામ ઊઠાડે છે ?' એ સાંભળી મારા બાપુજી કહે, 'એ ભગત ! સૂઈ જા.' સવારે આ પ્રસંગની ચર્ચા થઈ. હું તો બાઘી જ બની ગઈ ! પૂજ્યશ્રીને આ પ્રસંગની ખબર પડી ત્યારે તો તેઓ એટલા બધા પ્રસન્ન થયા કે ન પૂછો વાત !

મારી દીકરી પ્રજ્ઞાનો જન્મ ૧૯મી જુલાઈ, ૧૯૬૩માં થયો. તે વખતે મોટા દક્ષિણ ભારતમાં કુંભકોણમ્ હતા. દીકરી જન્મી તેથી મોટા તો ખૂબ ખૂબ રાજી થયા. એમનો તરત પત્ર આવ્યો, 'દીકરીનો જન્મ એટલે શ્રેષ્ઠ કહેવાય. તમે બંને ખૂબ પ્રસન્ન થજો. સમાજમાં દીકરીનું મૂલ્ય ઓછું ગણાય છે, પરંતુ એવું જરાય નથી. આપણે ત્યાં તો રત્ન આવ્યું છે, એવું જ માનજો.'

પૂજ્યશ્રી સુરત હરિઃૐ આશ્રમ આવવાના છે એવી અમને ખબર પડી. અમે સુરત આશ્રમે તેઓશ્રીને પ્રણામ કરવા ગયા. સ્વાભાવિક રીતે જ મેં પ્રજ્ઞાને પૂજ્યશ્રીનાં ચરણોમાં મૂકી.

મોટા મને કહે, 'ગાંડી છે, બાળકો તો ભગવાન કહેવાય. પગમાં તે કંઈ મુકાતાં હશે?'

જલદી જલદી મોટાએ પ્રજ્ઞાને ઊંચકીને સરસ રમાડી. તરત જ અમને કહ્યું, **'આ દીકરી ડૉક્ટર થશે !'**

હું તો આ ભવિષ્યવાણી સાંભળી જ રહી !

પહેલા ધોરણમાં પ્રજ્ઞાને મૂકી તે ડૉક્ટર (એમ.ડી.ગાયનેક) થઈ ત્યાં સુધી અભ્યાસમાં કોઈ દિવસ તે અટકી નથી અને હંમેશાં પ્રથમ વર્ગમાં જ રહી છે.

મોટાની ભવિષ્યવાણી એકદમ સાચી ! અત્યારે એ સ્ત્રીરોગ નિષ્ણાત ડૉક્ટર થઈ, પોતાની હૉસ્પિટલ ચલાવે છે. એણે પોતાની હૉસ્પિટલનું નામ 'અર્પણ' રાખ્યું છે.

•

બારડોલીમાં બહેનોનું વિદ્યાલય કરવાનો અમે સૌએ વિચાર કર્યો. મુંબઈ છોડી અમે ત્રણે વ્યારા પાસે આવેલા નાનકડા ગામ બોરખડીમાં રહેતાં હતાં. ત્યાં એક વર્ષમાં પ્રજ્ઞા અને મુકુલભાઈની તબિયત ખૂબ બગડવા લાગી. મોટાને પૂછ્યું, 'બોરખડી છોડીએ કે?' મોટાએ પણ 'હા' કહી. બારડોલી વિદ્યાલય ઉઘાડવાની કોઈએ મોટાને વાત કરી. પૂજ્યશ્રીને મેં તો બારડોલી આવવાની સાફ ના પાડી. મોટાને મેં કહ્યું, 'મોટા, મહેરબાની કરીને બારડોલીનું તો નામ જ ન લેતા.'

મેં મોટા પાસે એક બીજી વાત મૂકી, 'મોટા, ભીમપોર (સુરત પાસેનું) એક કન્યા વિદ્યાલય ઉઘડવાનું છે, એમાં નોકરી લઈ લઉં તો કેવું ?' મોટાએ મુકુલભાઈને કહ્યું, 'એ સ્થળ તો જોઈ આવો. હવા ખાવાના સ્થળે રહેવાનું મળતું હોય તો તે જુઓ.'

ત્યાં જઈને મુકુલભાઈએ જોયું તો હજુ વિદ્યાલય ઊઘડવાને વાર હતી. ત્યાં રહેવું પણ ગમે એવું નહોતું.

ફરીથી પૂજ્યશ્રીને મળવા ગયા. સ્થળ વિશે વાત કરી.

મોટાએ ત્યારે મારા તરફ જોઈને કહ્યું, 'નાની, તારું ભવિષ્ય બોરડોલીમાં જ લખાયેલું છે. તારે શિક્ષણનું સુંદર કાર્ય ત્યાં જ કરવાનું છે. તું ક્યાં બાપની મિલકત પર જાય છે ? મુકુલભાઈનો સ્વભાવ પણ એવો સરસ છે કે, બધાં તમને પ્રેમથી સ્વીકારી લેશે. સેવાના કાર્યને સમાજની ખોટી માન્યતાઓના સીમાડાથી બાંધી ન દેવાય. ભલેને બારડોલીમાં વિરોધ વંટોળ હોય. સહેલું તો સૌ કોઈ કરે, વિપરીત પરિસ્થિતિમાં જે ટકી રહે તે બહાદુર કહેવાય. તું તો બહાદુર બંકો છે. તું તારે જા અને કાર્યારંભ કર.'

હવે વિરોધ કરવાની વાત મનમાંથી કાઢી નાખી વિદ્યાલય ખોલવાની તૈયારીમાં મંડી પડી. મોટાના આશીર્વાદ, કાકાસાહેબની તથા જુગતરામકાકાની હાજરીમાં ૧૨મી જૂન, ૧૯૬૬માં વિદ્યાલયનો શુભારંભ કર્યો.

અત્યારે એકત્રીસ વર્ષની મજલ કાપીને વિદ્યાલય ઊભું છે. હજારો બહેનો ભણી ગઈ છે.

પૂજ્ય મોટાએ મને કહેલી વાત કેટલી સાચી!

•

શ્રીમોટાએ મને કહ્યું કે, 'વિદ્યાલયમાં ભણાવતાં ભણાવતાં એમ.એડ્. કરવાનો વિચાર કરે છે એ મને બહુ ગમે છે, અને આ કરેલો અભ્યાસ તને ખૂબ કામ લાગશે.'

એમ.એડ્.નો બે વર્ષનો કોર્સ. અઠવાડિયું વિદ્યાલય, છાત્રાલય ચલાવવાનું અને શનિ-રવિ સુરત વી.ટી. ચોક્સી કૉલેજમાં વર્ગ ભરવા જવાનું.એમ.એડ્.ની પરીક્ષાને છ મહિના બાકી. 'ફિલોસોફી'માં મને એવું થયું કે, આ વિષય મને નહિ આવડે. અમે બંનેએ મથામણ કરી. મારું મન ગળિયા બળદિયાની જેમ બેસી ગયું. કેમે કર્યું બેઠું ન થાય. મેં જાતે જ એમ.એડ્. કરવાનું નક્કી કરેલું. હવે શું કરવું ? અભ્યાસ વી.ટી. ચોક્સી કૉલેજ કરવા જવાનું, પરંતુ કંઈ મુશ્કેલી ઊભી થાય તો જવાનું મોટા પાસે !

અમે પૂજ્યશ્રી પાસે સુરત હરિઃૐ આશ્રમ ગયા. મોટા પોતાની જગ્યા પર સૂતા હતા. પ્રણામ કરી બેઠા. તે દિવસોમાં મોટા કેડના મણકાની તકલીફથી બહુ બેસી શકતા નહિ. આધાર વગર ચાલી શકતા નહિ. મોટાની આવી સ્થિતિમાં પણ મેં વાત કરી કે, મોટા, મારાથી એમ.એડ્.ની પરીક્ષા નહિ અપાય. મોટા કહે, 'જો નાની, એક વાર કોઈ કાર્ય કરવાનો આપણે નિર્ણય કર્યો, પછી એ અધવચ્ચે છોડવાની વાત જ ખોટી. નક્કી કર્યું એટલે નિભાવ્યે જ છૂટકો. આજે તું અભ્યાસ છોડશે, કાલે ઊઠીને તું બીજાં કાર્યો પણ છોડી દેશે. આપણાથી એમ વિષયથી ગભરાઈને એમ.એડ્. ન છોડાય. ઉત્સાહ રાખ, પ્રસન્ન થા, ડર નહિ. આત્મવિશ્વાસ છોડી ન દે.'

મને આ વાત સમજાવવા પોતાને કેડનું અતિશય દર્દ છતાં, પોતે બેઠા થયા, પગે ચલાય નહિ તોયે ત્રણ-ચાર ડગલાં ભરીને અમારી પાસે આવ્યા, મારે માથે હાથ મૂકીને કહ્યું, જરાય ગભરાવાનું નથી. તું તો બહાદુર છો, એમ કરી મને હિંમત આપી.

પોતાને સ્થાને જઈ, મુકુલભાઈ તરફ વળીને કહે, 'આ પરીક્ષા નાનીએ નથી આપવાની. એણે વાંચવાનું નથી. એણે તો વિદ્યાલય-છાત્રાલયનું કાર્ય નિષ્ઠાથી કરવાનું. તમને અને પ્રજ્ઞાને જોવાનાં. આંખ સામે પુસ્તક ધરવાનું પણ વાંચવાનું મારે. (મોટાએ)'

મને પ્રશ્ન થયો, એ કેવી રીતે ? ભરાયેલા દિલે મેં ધીરેથી મોટાને પૂછ્યું, આપ વાંચો ને મારે પરીક્ષા કેવી રીતે આપવાની ?

તરત જ મોટાએ ઉત્તર આપ્યો, 'પરીક્ષા પણ હું જ આપીશ એટલે કે ઓરડામાં તારે લખવા જવાનું, લખીશ હું.'

મેં કહ્યું, 'મોટા એ કેવી રીતે ?'

મોટા કહે, 'એ તને અત્યારે નહિ સમજાય. તું તારે જા પુસ્તક આંખ સામે ધરજે, બધાં કાર્યો નિષ્ઠાથી કરજે, ધીરજ રાખજે. પરંતુ એક કામ કરજે, એમ.એડ્.ની પરીક્ષા ચાલુ થાય ત્યારે દરરોજ પેપર પૂરું થાય એટલે મને આશ્રમ આવીને મળી જવાનું, પેપર કેવું ગયું છે તેની વાત કરી જવાની !'

હરિઃૐ આશ્રમમાંથી અમે બહાર નીકળ્યાં ત્યારે હું તો એવી હળવી થઈ ગયેલી કે ન પૂછો વાત. પછી છ મહિના નિર્ભાર થઈને વાંચ્યું. એક જ ભાવ મનમાં દૃઢ થઈ ગયો કે, મારે તો વાંચવાનું નથી, મારે પરીક્ષા નથી આપવાની. એ બધું તો મોટા કરશે. પરીક્ષાનાં દરેક પેપર લખ્યા પછી પૂજ્યશ્રીને અમે મળી આવતાં અને તેમાંય પેલું 'ફિલોસોફી'નું પેપર તો ખૂબ સરસ લખાયું !!

એમ.એડ્.નું પરિણામ એટલું સરસ આવ્યું કે ન પૂછો વાત, પરંતુ એ પરિણામ પણ મારું ક્યાં હતું ? મેં તો વાંચ્યુંય નહોતું અને મેં તો પરીક્ષાયે નહોતી આપી, એ તો મોટાએ કરેલું, એટલે મનથી એ પરિણામ મોટાને ચરણે ધર્યું !

●

બારડોલી કન્યાવિદ્યાલય ખોલ્યા પછી ચાલુ દિવસે વિદ્યાલયનો સમય બગાડી પૂજ્યશ્રીને મળવા નહિ જવાનું એ એમની ખાસ સૂચના હતી.

એક રવિવારે તેઓશ્રીને અમે મળવા ગયા. પ્રથમ જ પૂછ્યું, 'કેમ, વિદ્યાલય કેવું ચાલે છે ? બહેનો બધી મજામાં ? કયા કયા વિષયો આપણે ચલાવવાના હોય છે ?'

મેં કહ્યું, 'મોટા, હાઈસ્કૂલના વિષયો એ તો ખરા જ, સમાજવિદ્યાને બદલે સમાજ-નવરચના અને ઉદ્યોગમાં ખેતી અને કાંતણ.'

અનાજ ખેતરમાં પાકે તેથી ખળી બનાવવી પડેને ? ખળી વગેરે સરસ લીંપીને બનાવવી. ખૂબ કામ કર્યા પછી હાથ જોવાના, તે ઘસાયલા તો નથી ? બીજું લીંપવાનું આવે તો એવો વિચાર નહિ કરવાનો કે મારા હાથ ગંધાશે. એવું કાર્ય વિદ્યાર્થીઓ કરતાં આપણે પહેલું કરવાનું.

●

વિદ્યાલય ચલાવતાં ચલાવતાં એક વાર એક શિક્ષિકા બહેનને કંઈ અંગત મુશ્કેલી આવી. શિક્ષિકા બહેનને થયું, બહેન મને રાજીનામું આપવા દબાણ કરશે. તેથી એ ખૂબ અકળાયેલાં રહેવા લાગ્યાં.

આ સમય દરમિયાન પૂજ્યશ્રીને મળવા જવાનું થયું. વિદ્યાલય અંગે પૂછપરછ કરતાં મોટાને આ વાત સહજ ભાવથી કહી.

મોટાએ કહ્યું, 'નાની, અહીંથી જઈને પ્રથમ તું એક કામ કર, એ બહેનને તારી પાસે બોલાવ. એમને પ્રેમથી સમજાવ. એમને કહે, 'તમને રાજીનામા વિશે કોઈ કહે તો તમે માનશો નહિ. તમને પોતાને રાજીનામાનો મનમાં ભય હોય તોપણ તમે કાઢી નાખજો. જો રાજીનામું આપવાનું થશે તો પહેલું રાજીનામું હું આપીશ.'

મોટા કહે, 'નાની, તારે આ કાર્ય કરતાં એ પણ મનમાં દૃઢ કરી લેવું કે, ક્યારેય કોઈને રાજીનામું આપવાનો સમય આવે તો પ્રથમ તારે રાજીનામું આપી દેવું. ત્યાગ કરાય, કરાવાય થોડો ?'

હરિઃૐ આશ્રમથી બારડોલી આવી, મોટાની સૂચના પ્રમાણે પેલા બહેનને બોલાવી મેં પ્રેમથી વાત કરી. અકળાયેલાં બહેનમાં મેં અદ્‌ભુત પરિવર્તન જોયું ! એ તો એટલાં બધાં ગળગળાં થઈ ગયાં કે, મારું મન પણ ભરાઈ આવ્યું ! દિવસો જતાં એમની અનુકૂળતાએ તેઓ જાતે જ પ્રેમથી બીજે જતાં રહ્યાં.

આ પ્રસંગ પછી મોટાને મળતાં થોડો સમય પસાર થઈ ગયો. અમે ફરી મોટાને મળવા ગયાં. પ્રણામ કરી પાસે બેઠાં. આ વખતે મોટાએ પ્રજ્ઞા સાથે બહુ વાતો કરી. અમે ઊઠીને નીકળવાની તૈયારીમાં હતાં. ત્યાં મોટાએ એકદમ સવાલ પૂછ્યો, 'ભઈલા, પેલા શિક્ષિકા બહેનનું શું થયું ?'

અમે તો એવાં થઈ ગયાં કે, મોટાને તો વાત જ કરવાની રહી ગઈ ! જરૂર પડ્યે પૂજ્યશ્રીને કહેવાનું અને પછી શું થયું એ કહેવાનું જ ભૂલી જવાયું ! મને તો ખૂબ શરમ આવી.

મોટાને વાત કરી કે, 'આપે જે પ્રમાણે બહેનને કહેવાનું કહ્યું હતું તે પ્રમાણે બહેનને બોલાવીને કહેલું. વાત સાંભળીને બહેન ગળગળાં થઈ ગયેલાં. સમય જતાં તેઓશ્રી પોતાની અનુકૂળતાએ પ્રેમથી બીજે જતાં રહ્યાં.'

આ સાંભળી મોટા ખૂબ પ્રસન્ન થયા.

•

એક સ્વજન પરિવાર મોટાની હાજરીમાં લગ્ન કરાવવાના હતા. તે સમયે મોટાની તબિયત સારી નહોતી. મોટાએ બારડોલી મુકુલભાઈને કહેવડાવ્યું કે, 'મારા શરીરની કેટલીક મર્યાદાઓ છે, તેથી મારાથી લગ્ન નહિ કરાવી શકાય. તમે આવો અને લગ્ન કરાવી આપો.'

મુકુલભાઈ હરિઃૐ આશ્રમ તરત જ પહોંચ્યા. પૂજ્યશ્રી ખુરશીમાં અડીને બેઠા હતા. મુકુલભાઈ એમની બાજુમાં બેઠા. મોટાએ મુકુલભાઈનાં લગ્ન નિમિત્તે રચેલી વિધિથી મુકુલભાઈએ લગ્ન કરાવ્યાં ! એ મોટાની હાજરીવાળાં છેલ્લાં લગ્ન હતાં ! ❑

**ગયેલા આત્માને...**

હરિઃૐ આશ્રમ, સુરતના ખાતમુહૂર્તના ફોટાએ હાલ આપણને જે પરિવારના કારણે ઉપલબ્ધ છે તે પરિવારના **શ્રી મંજુલાબહેન ધીરુભાઈ દેસાઈ**નો અમેરિકા મુકામે તા. ૧૪-૧-૨૦૧૬ના રોજ ૯૩ વર્ષની વયે દેહાંત થયો છે. પંચમહાલના સદ્‌ગતશ્રી ડાહ્યાભાઈ નાયકના તેઓશ્રી દીકરી હતાં. શ્રીહરિ ગતાત્માને સર્વ પ્રકારે ઉચ્ચ ગતિ પ્રેરે એવી ભાવના અને પ્રાર્થના છે. **-સંપાદક**

## (૧૧) જગત મૃત્યુનો મુલક છે — શ્રીમોટા

મૃત્યુનું સ્વરૂપ જગતે માની લીધેલું છે એવું કારમું છે જ નહિ. માનવીની નજરે ખૂબ ભયંકર દેખાય છે, પણ એમાં સાચી વસ્તુ વિશેનું અજ્ઞાન જ છે.

જ્યાં મૃત્યુ છે ત્યાં જ નૂતન જીવન પણ છે અને જ્યાં જીવન છે ત્યાં મૃત્યુ પણ નિશ્ચિત છે. પ્રત્યેક વસ્તુ પળેપળ રૂપાંતર પામતી જાય છે, એટલે કે તેનું જૂનું નાશ પામે છે અને એ જ પળે નવું જન્મે છે. મૃત્યુ અને જીવન એક જ જીવનતત્ત્વનાં બે દર્શન છે. પણ માનવીએ તેમાં આકાશ-પાતાળનો ભેદ પાડી નાખ્યો છે. **એ ઉપરથી સમજી શકાય કે હજી જગત કેટલું અજ્ઞાન દશામાં પડ્યું છે.**

જન્મની પૂર્વે અને મૃત્યુ પછી જીવનું શું થાય છે એ એને નથી સમજાતું ત્યારે વિવિધ કલ્પનામાંથી જીવનનો પલટો કરનાર મૃત્યુની સ્થિતિને માનવી ધિક્કારે છે-અને તેથી ભય પામે છે. એ જાણે છે ખરો કે **'નામ તેનો નાશ' છે,** છતાં એ સત્યની અવગણના કરીને તે જીવે છે.

મૃત્યુની પાછળ શોક કરવાની વૃત્તિમાં તો નરી આસક્તિ જ છે અને અજાણી પણ ઊંડી સ્વાર્થવૃત્તિ પણ હોય. શોકની લાગણીમાં સાત્ત્વિકતા નથી, એમાંથી જીવનનો વિકાસ થતો નથી. જે સરે તે સંસાર અને જે જાય તે જગત.

જેને સમજણ નથી તે ભલે જગતના ગાડરિયા પ્રવાહમાં તણાય. તેમાં તેનો દોષ નથી. પણ આપણે એકવાર સમજ્યા પછી પણ તેને જીવનમાં ઉતારવાનું ન કરીએ તો આપણે કેવા કહેવાઈએ ?

'જીવન સંદેશ', બી.આ. પૃ. ૨૪૯ ❑

## (૧૨) મૃત્યુના ડર અંગે — શ્રીમોટા

મૃત્યુનો ભય એ ખરી રીતે તો માનવીના મનની નબળાઈને કારણે છે. શરીર પરત્વે રાગ, મોહ અને આસક્તિનું પણ એક કારણ છે. એનાથીય વધુ મોટું જબરજસ્ત કારણ તો એ છે કે આપણે પોતે શરીરરૂપ જ થઈ ગયાં છીએ અને શરીર જ સર્વસ્વ છે એવી જ પાકા પાયાની સમજણ આપણામાં પ્રવર્તેલી છે. **શરીર પરનાં મમતા અને રાગ છૂટે તો મૃત્યુનો ડર છૂટી શકે.**

મન, પ્રાણ, ચિત્ત, બુદ્ધિ અને અહમ્-એ બધાં શરીરથી જુદાં છે અને આત્માનું ચેતન તો તેનાથીય જુદું છે, પરંતુ સામાન્ય રીતે તો માનવી શરીરને જ તે બધું ગણે છે અને શરીર વડે જે તે બધી એની ક્રિયાઓ ચાલ્યા કરતી હોવાથી અને તેમાં તે તદ્રૂપ બની ગયેલો હોવાથી માનવી શરીરરૂપ જ થઈ ગયો છે.

**શરીર પરત્વેનાં રાગ-મમત્વ-મોહ એ તો છેલ્લામાં છેલ્લી ન તૂટે એવી મડાગાંઠ છે અને તે તૂટવી ઘણી મુશ્કેલ પણ છે**, પરંતુ આપણે સૌથી પ્રથમ તો બુદ્ધિથી વિચારી વિચારીને શરીરથી નોખા છીએ એમ સમજવું અને પ્રમાણવું.

શરીરને જન્મ અને મૃત્યુ એ સ્વાભાવિક સ્થિતિ છે. શરીરના જન્મમાં માનવીને ડર નથી કારણ કે ત્યારે જે શરીર ધારણ કરીને જીવ જન્મે છે તેવે કાળે તે જીવને બીજી બહારની વિશેષ સમજણ પ્રગટેલી હોતી નથી. મૃત્યુનો ડર તો શરીર મોટું થયા પછી જન્મે છે યા પ્રગટે છે.

મૃત્યુનો ડર તો બુદ્ધિની સમજણ પ્રેરાવીને પણ ઓછો કરી શકાય છે-મોળો પાડી શકાય છે.

'ધનનો યોગ', ત્રીજી આ. પૃ. ૯૬ ❑

## (૧૩) આપણામાં ધર્મ નથી, સ્વાર્થ મોખરે છે. શ્રીમોટા

સ્વાર્થ અને પરમાર્થ એ બે પાસાં છે એમાંથી પરમાર્થ વિશે જ વિચારવું જોઈએ. આઘાત અને પ્રત્યાઘાત એમ બે છે.

ફ્રાન્સમાં બળવો શાથી થયો ? જમીનદારોનો અત્યાચાર થયો એટલે લોકોએ તેઓને કાપી નાંખ્યા. રશિયામાં પણ એમ થયું. **આપણા દેશમાં પણ આજ સ્થિતિ થશે.**

આપણામાં ધર્મ નથી, પણ રાગ, મોહ, સ્વાર્થ મોખરે છે એટલે આપણે સ્વાર્થી છીએ. આવી ખુનામરકી ના થવા દેવી હોય તો એક જ માર્ગ છે કે મનુષ્યના જીવનમાં ધર્મની ભાવનાનો ઉદય થવો જોઈએ.

**આપણા દેશમાં પણ બહુ ગરીબાઈ છે.** હું ગરીબ છું એટલે નહિ પણ હું તો ગામડે ગામડે ફરેલો છું. આપણો દેશ પણ બહુ ગરીબ છે. આપણો દેશ જો સ્વાર્થમાં અટવાયેલો રહેશે તો બીજા દેશના જેવી જ સ્થિતિ થશે. કેરળમાં નક્સલવાદ ચાલી રહ્યો છે. બંગાળમાં પણ ચાલે છે. ગુજરાતમાં પણ શરૂઆત થયેલી પણ બળજબરીથી અટકાવી દેવાયું છે. તમને ખબર ન હોય પણ હું તો આ બધું જોનારો માણસ છું.

આ તો બધાં એંધાણ છે કોઈ Marxism (સામ્યવાદી ચળવળ) આવશે ત્યારે એનાથી કોઈ બચી શકવાના નથી. એકમાત્ર ભગવાનના નામથી જ બચી શકીશું.

કૉલેજમાં મેં ઘણા દેશોનો ઇતિહાસ વાંચેલો. રશિયા, ફ્રાંસ, અમેરિકા વગેરે દેશોના સ્વાતંત્ર્યના ઇતિહાસો મેં બહુ રસથી વાંચેલા અને નિર્ણય કરેલો કે ધર્મ વિના ઉદ્ધાર નહિ થાય. પણ, ધર્મ-ધર્મ બોલ્યા કરીએ કશું નહિ થાય.

અનુભવથી કહું છું કે ભગવાનનું સ્મરણ, એનાથી આંતરિક શક્તિ, વિવેક જાગૃત થાય છે. એનાથી શાંતિ મળશે. કોઈ વાર ભજન લલકારતાં હોઈએ, હાલતાં, ચાલતાં, ફરતાં, ઊઠતાં, બેસતાં જો ભગવાનનું સ્મરણ કર્યાં કરીએ તો ચિંતાઓમાં બહુ શાંતિ રહેશે અને કામ કરવાની શક્તિ તો એટલી બધી આવે છે કે ન પૂછો વાત. દુઃખમાં પણ, પીડામાં પણ, મનની શાંતિ રહે છે.

મારા ગુરુમહારાજને જાંઘ પર ફોડલાં થયાં હતાં ત્યારે આ તો મેં જાતે નિહાળ્યું છે કે તે ફોડલામાં જીવડાં પડ્યાં હતાં અને તે જીવડાં નીચે પડતાં તો તેઓ પાછા ફોડલામાં મૂકતા. એ કહેતાં કે આપણે ભોગવવું તો જોઈએ જ. કર્મ પ્રમાણે ભોગવવું જ પડે. બીજા એક 'બાપજી' કરીને હતા. એ બાપજી પણ બધું આમ ભોગવતા. તેઓનો દેહાંત થયો ત્યારે મહાદેવભાઈ દેસાઈએ તો એમના પર લેખ લખેલો 'આખરે એ મહાન તારો ખરી પડ્યો.' હું તો ભણેલો પણ છું. એમ ને એમ નથી કહેતો. આ અનુભવથી કહું છું.

જો ભગવાનનો ભરોસો, વિશ્વાસ થઈ જાય તો તો કામ થઈ જાય. આ હું સુરતમાં આવ્યો ત્યારે હું ક્યાં કોઈની સાથે સંબંધ બાંધવા ગયો

હતો ? કોઈ કદાચ કહે કે આ તો ધર્મનું બહાનું છે એટલે બધું મળે છે, પણ એમ નથી. પૈસા મળે એ તો સારા કામમાં વાપરવા માટે જ છે. તમને પણ કહું છું કે કરકસર કરો. શાકમાં ઓછું તેલ નાંખો, પૈસા બચાવો અને પરમાર્થ તો કરતા જ રહો. નહિ કરો તો આ કાળ એવો આવશે કે તમારા રૂપિયા સાચવ્યા સચવાશે નહિ. ટોચ ઉપર બેઠા છીએ. આ બાજુ જીવ્યા અને આ બાજુ મર્યા. આ સંક્રાંતિ કાળ છે. માત્ર આપણા દેશમાં જ નહિ બીજા દેશમાં પણ એમ જ છે.

ધર્મ સિવાય આપણે નથી બચી શકવાના. બધા મહાત્મા પુરુષ કહી ગયા છે કે આપણો દેશ ફરી જાગશે, ધર્મની ભાવના સતેજ થશે. ફરીથી એની સંસ્કૃતિની પતાકા આખી પૃથ્વી પર ફરકશે, પરંતુ એવી ઉત્તમ પ્રકારની ભાવનાવાળા માણસો મળી રહે તો બધુંએ થઈ શકે. પરંતુ આજે એવા માણસો મળવા દુર્લભ છે.

એટલે પ્રભુને પ્રાર્થના કરું છું કે અમે અધૂરા છીએ તો અમને પૂર્ણ બનાવ. એ માટે જ મારા પ્રયત્નો છે. એટલે એક બાજુ અંતરમુખ થવાય એ માટે આ મૌનમંદિર બંધાવ્યા છે. અને બીજી બાજુ સમાજમાં ગુણ અને ભાવના જાગે એ માટે સમાજને બેઠો કરવાનાં કામો હાથ પર લીધાં છે, તો તમો એમાં પાઈ પૈસો આપતાં રહેજો અને કાંઈ ન બને તો ભગવાનનું સ્મરણ તો કરતાં રહેજો.

'સ્વજનોને સંબોધન', પ્ર.આ. પૃ. ૩૪ ❑

**(અનુસંધાન પૃ. ૧૫ નું ચાલું)**

આમ તો બાલકૃષ્ણનું હૈયું બચપણથી જ ભક્તિના રંગે રંગાયેલું હતું. વચ્ચે અનેક રંગના પડ ચડવાથી ભક્તિનું પોત ઢંકાઈ ગયું હતું. તે વ્યાસપીઠાધ્યક્ષ ઈશ્વરલાલ શાસ્ત્રીએ ફરી પાછો પ્રભુભક્તિનો રંગ લગાડી દીધો. બીજે દિવસે નિત્યક્રમ આટોપી લાયબ્રેરીના બદલે કામનાથના મંદિરે પગલાં જઈ ચઢ્યાં.

શાસ્ત્રીજી શરણાગતિનો મહિમા મન મૂકીને ગાઈ રહ્યા હતા. ઉપાધિનાં પોટલાં માથે લઈને ફરવાને બદલે-વ્યવહારનો બોજ સર્વેશ્વરને ચરણે સોંપી દઈ હળવા ફૂલ જેવા બની જાવ. શ્રીહરિ સર્વ સમર્થ છે.

શાસ્ત્રીજીનો પ્રત્યેક શબ્દ બાલકૃષ્ણના હૈયા સોંસરવો ઊતરી જતો હતો. હતાશાના વાદળો વિખરાઈ, ઉત્સાહની છોળો ઊડી રહી હતી અને પરિવર્તનની પુનિત પળે બાલકૃષ્ણે દૃઢ નિશ્ચય કર્યો કે હે પ્રભુ ! હવે તો જીવનનૌકાનું સુકાન તારા હાથમાં છે. (ક્રમશઃ)

'પ્રભુનો પ્રતિનિધિ', બીજી આ. પૃ. ૧૦૭ ❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને 'હરિભાવ'ના સંપાદક શ્રી પ્રભુદાસ જાનીની દીકરી આરતીબહેનના જીવનસાથી **શ્રી હિતેશકુમાર ત્રિલોકીનાથ ઠાકર** (એડવોકેટ)નો મહેસાણા મુકામે બાવન વર્ષની ઉંમરે તા. ૯-૧-૨૦૧૬ના રોજ દેહાંત થયો છે. શ્રીહરિ ગતાત્માને ઊર્ધ્વગતિ પ્રેરે એવી પ્રાર્થના છે.-**સંપાદક**

## (૧૪) બે રચનાઓ

**સંતકવિ શ્રીસાગર**

### रामनामनुं नाणुं

'રામનામનું નાણું ! સંતો ! રામનામનું નાણું !
ધન દૌલતમાં અમે કમાયા ગુરુગોવિંદનું ગાણું
સંતો રામનામનું૦

દુઃખ, ચિંતા કે શોક, મોહને શું કરવાને જાણું ?
રામનામથી સભર ભર્યાં સૌ ઉભરે અણુ પરમાણું !
સંતો રામનામનું૦

જોગ, જગન, તપ, તીરથ સૌમાં, નહિ કોઈ નામ સમાણું,
રામગુરુ ગુરુરામ મંત્રને, અનભે કરી વખાણું.
સંતો રામનામનું૦

ભૂત ભવિષ્ય જ્યાં છતે નથી ત્યાં જીવતાં થાપ્યું થાણું !
મરણ વિના મરણું માણ્યું ! ભાઈ ઉકલી ગયું ઉખાણું !
સંતો રામનામનું૦

ૐ એકવીસ હજાર છસોનું વ્યસન પડ્યું હંસાનું,
વાસ વસ્યો મ્હોટે ઘર સાગર ! જીવતાં જીવિત મુવાનું.
સંતો રામનામનું૦

### मरवुं तो हक छे

મરવું તો હક છે, બાવા ! મરવું તો હક છે,
(પણ) રામભજન વિણ જીવવું, બાવા ધિક ધિક એ ધિક છે.
બાવા ! મરવું તો૦

મરવું ધર્મ શરીરી સહુનો, એમાં તે શું ડરવું ?
પટકુળ બદલી પિયુને મળવું ! ગગન ઉપર ઘર કરવું.
બાવા ! મરવું તો૦

પીર, પેગમ્બર, અવતારીને, પડે શરીર બદલવું,
એવું મરવું સંતોનું, ભાઈ ! મહાજળે જળ મળવું.
બાવા ! મરવું તો૦

ધણીની થાપણ ધણીને સોંપી ! મટી ગયું સાચવવું,
આતમરામ નફકરા થઈને, વાયુલહરવત્ ફરવું.
બાવા ! મરવું તો૦

જીવતાને ભય મરવાનો, ભાઈ ! પળ પળ રામ સુમરવું,
સાગર મુવો ગુરુને હાથે ! ફરી ફરી નથી મરવું.
બાવા ! મરવું તો૦

'દિવાને સાગર દફતર બીજું', ત્રીજી આ. પૃ. ૮૧-૮૨ ❑

**મુદ્રણશુદ્ધિ અંગે ક્ષમાયાચના**

'હરિભાવ'ની મુદ્રણશુદ્ધિની જવાબદારી પ્રારંભથી જ શ્રી જયંતીભાઈ જાની સંભાળતા હતા. પ્રથમ અને બીજી પ્રૂફ બાદ આખરી પ્રૂફ અને બટર કાઢવાના સમયે કૉમ્પ્યુટર સામે બેસીને સવિશેષ ચોકસાઈથી તેઓશ્રી આ કાર્ય સદ્‌ભાવથી કરતા હતા.

હાલમાં એક સ્વજન તેઓની અનેકવિધ જવાબદારીઓ વચ્ચે 'હરિભાવ'નું પ્રથમ પ્રૂફ રીડીંગ કરી આપે છે. તે પછી કોઈ ઉમેરો થાય તેમાં કે અન્ય રીતે જે ઉણપ હોય તે અંક પ્રિન્ટ થયા બાદ ક્યારેક ધ્યાન ઉપર આવે છે. આ માટે ગ્રાહક વર્ગની અમો ક્ષમા યાચીએ છીએ.-**સંપાદક**



ઉપનિષદમાં એક વાક્ય આવે છે, કે સૂર્યકિરણ નાડી મારફત હૃદયમાં પહોંચે છે. સૂર્ય અને હૃદય વચ્ચે એક રસ્તો બનેલ છે. ત્યાંથી અહીં અને અહીંથી ત્યાં આવી જઈ શકાય છે. મને તો એવો અનુભવ થયો છે.

સૂર્યનું જ એવું થાય છે તેમ નહિ, તારાઓ વિશે પણ મને એવો જ અનુભવ છે.

- શ્રી વિનોબાજી

'ભૂમિપુત્ર', તા. ૧૬-૧૨-૨૦૧૫માંથી સાભાર

**HARIBHAV, FEBRUARY - 2016**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017




જેને સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટે તેને ભગવાન કહેવાય. જેમ ભગવાન વર્તમાન હોત અને તમને બતાવત તો તમે માનત નહિ, તેમ વર્તમાનમાં જ્ઞાની હોય તો મનાય નહિ.

સ્વધામ પહોંચ્યા પછી કહે કે એવા જ્ઞાની થયા નથી. પછવાડેથી જીવો તેની પ્રતિમાને પૂજે. જીવને જ્ઞાનીની ઓળખાણ પ્રત્યક્ષમાં, વર્તમાનમાં થતી નથી.

- શ્રીમદ્ રાજચંદ્ર

'શ્રીમદ્ રાજચંદ્ર ભાગ-૩', પૃ. ૭૨૨

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com